RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 249 Dt. 25-03-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




## ભારતના GDPનું કદ વધી રહ્યું છે જેટ ગતિએ



### અમેરિકા અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાને પણ હંફાવે તેવી વિકાસની ગતિ પકડી : એક દસકામાં ૧૦૫ ટકાનો ઉછાળો

નવીદિલ્હી, તા. ૨૪

છેલ્લા દસ વર્ષમાં ભારતના જીડીપીની ગતિએ વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે. જીડીપીનું કદ વધારવામાં ભારતે તેની ઝડપી ગતિએ અમેરિકા અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાઓને પાછળ છોડી દીધી છે.

જો કે, આ દેશો કરતાં જીડીપીનું કદ બમણું કરવામાં ભારતના અર્થતંત્રનો ફાળો ઓછો છે, કારણ કે વિકાસશીલ દેશોમાં વૃદ્ધિ માટે વધુ અવકાશ છે. આંકડા અનુસાર, ભારતની જીડીપી ૨૦૧૫માં ૨.૧ ટ્રિલિયનથી વધીને ૨૦૨૫માં ૪.૩ ટ્રિલિયન થઈ જશે. આ ૧૦ વર્ષમાં ૧૦૫ ટકાનો મોટો ઉછાળો છે. વિશ્વના અન્ય મોટા દેશોની સરખામણીમાં આ એક મજબૂત વધારો છે. ભારત હવે અમેરિકા, ચીન, જર્મની અને જાપાન પછી વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે.

છેલ્લા ૧૦ વર્ષમાં મોટા દેશોની ગતિ પર નજર કરીએ તો ચીનનો જીડીપી ૭૬ ટકા અને અમેરિકાનો જીડીપી ૬૬ ટકા વધ્યો છે. આવી સ્થિતિમાં, ભારતની ઝડપી વૃદ્ધિએ દેશને મોટી વૈશ્વિક આર્થિક શક્તિઓમાં એક મહત્વપૂર્ણ સ્થાન અપાવ્યું છે અને ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની ગયું છે. જો આપણે ભારતના અર્થતંત્રમાં આટલી મોટી તેજીના કારણો વિશે વાત કરીએ તો, આર્થિક નીતિઓ, વેપાર અને ઉદ્યોગોમાં સુધારાને કારણે આ સફળતા શક્ય બની છે.

પરંતુ દરેક વ્યક્તિ વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે કે ભારતની સફળતા ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. વિશ્વની અનેક મોટી અર્થવ્યવસ્થાઓને પાછળ છોડીને ભારત ટૂંક સમયમાં જ જાપાનને પછાડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે.

આનું કારણ એ છે કે ભારતના વિકાસની સાથે સાથે જાપાનના જીડીપીમાં છેલ્લા દસ વર્ષમાં કોઈ ખાસ વૃદ્ધિ થઈ નથી. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ડેટા અનુસાર, ૨૦૧૫માં ભારતીય જીડીપીનું કદ ૨.૧ ટ્રિલિયન હતું, જે ૨૦૨૫ સુધીમાં વધીને ૪.૩ ટ્રિલિયન થવાની ધારણા છે. આ અંદાજે ૧૦૫ ટકાનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ ૧૦-વર્ષના સમયગાળામાં, અમેરિકાના જીડીપીનું કદ ૧૮.૩ ટ્રિલિયનથી ૬૬ ટકા વધીને ૩૦.૩ ટ્રિલિયન થવાનો અંદાજ છે. ચીનનું અર્થતંત્ર ૧૧.૧ ટ્રિલિયનથી વધીને ૧૯.૫ ટ્રિલિયન થશે, જે ૭૬ ટકાનો વધારો દર્શાવે છે.

#### ૨૦૨૯ સુધીમાં ભારત જર્મનીને પાછળ છોડી દેશે

**દરમિયાન, વિશ્વની અન્ય મોટી અર્થવ્યવસ્થાઓની કામગીરી પર નજર કરીએ તો, જર્મનીનું અર્થતંત્ર ૧૦ વર્ષમાં ૪૪ ટકા વધ્યું છે, જ્યારે બ્રિટનનું અર્થતંત્ર ૨૮ ટકા, ફ્રાન્સનું જીડીપી ૩૮ ટકા, ઇટાલીનું ૩૯ ટકા, કેનેડાનું ૪૪ ટકા, બ્રાઝિલનું ૨૮ ટકા, દક્ષિણ કોરિયાનું જીડીપી ૭ ટકા અને રશિયાનું જીડીપી ૭ ટકા વધ્યું છે. આવી સ્થિતિમાં, દેશ માટે આ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે, જેણે તેને વૈશ્વિક આર્થિક મોરચે એક નવી ઓળખ આપી છે. જો ભારત આવી જ રીતે આગળ વધતું રહેશે તો આગામી કેટલાક વર્ષોમાં તે જાપાન પછી જર્મનીને પાછળ છોડીને અજાયબી કરી શકે છે. કોઈપણ રીતે, મોટાભાગની રેટિંગ અને સંશોધન એજન્સીઓએ આગાહી કરી છે કે ભારત ૨૦૨૯ સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે.**

## રાજ્યમાં ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર થયું કાર્યરત

### દેશ દુનિયાને સેમિકન્ડક્ટર સોલ્યુશન આપવા માટે બનશે વધુ સક્ષમ
### નવીન ટેકનોલોજી અને ઈનોવેશન રાજ્યના અર્થતંત્રની બનશે કરોડરજ્જુ




રાજકોટ ,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના ગિફ્ટ સીટીમાં ઈન્ફીનીયન ટેક્નોલોજી ઇન્ડિયાના નવા ગ્લોબલ કેપેબિલીટી સેન્ટરનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી જાહેર કરી તેના એક જ મહિનામાં રાજ્યમાં પ્રથમ ગ્લોબલ કેપેબિલીટી સેન્ટરનું આજે ઉદઘાટન થયું છે, તે વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાતની પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. ગિફ્ટ સીટી ખાતે આ ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર કાર્યરત થતાં ગુજરાતમાં ટેકનોલોજી ક્ષેત્રના નવા અધ્યાયની શરૂઆત થઇ છે, તેમ જણાવી મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આ સેન્ટરના કારણે ગુજરાત દેશ અને દુનિયાને સેમિકન્ડક્ટર સોલ્યુશન આપવા માટે વધુ સક્ષમ બનશે. મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ઈન્ફીનીયન ટેક્નોલોજી અને ઈઈઝ-ગાંધીનગર વચ્ચે ઇન્ડસ્ટ્રીયલ રીસર્ચ, ટેક્નોલોજી ડેવલપમેન્ટ, ઇનોવેશન અને ટેલેન્ટ ડેવલપમેન્ટમાં સહયોગ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

એટલું જ નહિં, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અગ્ર સચિવ ડો. મોના ખંધારે ગુજરાત સરકારની ''ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પોલિસી ૨૦૨૫-૩૦'' હેઠળ મળવાપાત્ર નાણાકીય પ્રોત્સાહનોનો મંજૂરીપત્ર ઈન્ફીનીયન ટેક્નોલોજીના સી.ઈ.ઓ શ્રીયુત યોહેન હેનેબેકને સુપ્રત કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, દેશને ટેક્નોલોજી ક્ષેત્રે સક્ષમ બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અઈ અને સેમિકન્ડક્ટર જેવી ક્રિટીકલ ટેકનોલોજી પર વિશેષ ભાર મૂક્યો છે. મુખ્યમંત્રીના દિશાદર્શનમાં એ જ દિશામાં આગળ વધી રહ્યું છે. તેના પરિણામે આગામી સમયમાં નવિન ટેકનોલોજી અને ઇનોવેશન ગુજરાતના અર્થતંત્રનું બેકબોન સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિઝનથી ભારત ખૂબ જ ઝડપથી વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યો છે. વિશ્વનો સૌથી અફોર્ડેબલ ઇન્ટલેક્ચ્યુઅલ મેનપાવર ભારત પાસે છે અને ખૂબ ઝડપથી વિકસી રહેલી નોલેજ બેઝ્ડ ઈકોનોમી તેનું ઉત્તમ ઉદાહરણ છે.

આજે ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે, જ્યાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થવા જઈ રહ્યાં છે. દેશની પહેલી મેક ઇન ઇન્ડીયા સેમિકન્ડક્ટર ચીપ પણ ગુજરાતમાં જ બનશે, તેવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વિકસિત ભારતના નિર્માણના સંકલ્પની સિધ્ધિ માટે અર્નિંગ વેલ, લિવિંગ વેલના મંત્ર સાથે વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય છે. ગુજરાત સરકારે ગ્લોબલ કેપેસિટી સેન્ટર, અઈ અને ઇનોવેશન આધારિત ક્ષેત્રોને અર્નિંગ વેલ હેઠળ આવરીને પ્રાથમિકતા આપી છે. ભારતના વિકાસમાં ગુજરાતના મહત્વપૂર્ણ ફાળાની વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ભારતના ઋઉઙમાં ૮.૩ ટકાનો ફાળો, રાષ્ટ્રીય ઔદ્યોગિક આઉટપુટમાં ૧૮ ટકાનો ફાળો અને કુલ નિકાસમાં ૩૧ ટકાના ફાળા સાથે ગુજરાત ઔદ્યોગિક ઉત્કૃષ્ટતા, નવીનતા અને વૈશ્વિક એકીકરણમાં અગ્રેસર છે.

ઈન્ફીનીયન ટેકનોલોજીસના સી.ઈ.ઓ યોહેન હેનેબેક જણાવ્યું હતું કે, ભારત વિશ્વના સેમીકંડકટર હબ તરીકે ઝડપથી વિકાસ પામી રહ્યું છે. જેમાં ગુજરાત તેની ઉદ્યોગ હિતલક્ષી નીતિઓના પરિણામે સેમીકંડકટર ક્ષેત્રે ભારતના હૃદય સમાન કામ કરી રહ્યું છે. ગુજરાતમાં શરુ થયેલું ઈન્ફીનીયન ટેકનોલોજીનું ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર ભારતના વિકાસને વધુ વેગવાન બનાવશે. આગામી પાંચ વર્ષમાં ઈન્ફીનીયન ગુજરાતમાં ૫૦૦ પ્રોફેશનલ એન્જીનીયરોને રોજગારી આપશે, તેમ કહી તેમણે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઈન્ફીનીયન ટેકનોલોસજી ઇન્ડિયાના મેનેજીંગ ડિરેક્ટર વિનય શેનોયે કાર્યક્રમના પ્રારંભે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી ૨૦૨૫-૩૦'' હેઠળ સૌપ્રથમ ઈન્ફીનીયનને મહત્વપૂર્ણ લાભ અને સહયોગ આપવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આફ્રિકન દેશો સાથે ભારત કરશે નૌકા કવાયત

### કવાયત ૧૩ થી ૧૮ એપ્રિલ દરમિયાન તાન્ઝાનિયાના દાર-એસ-સલામમાં થશે



નવીદિલ્હી, તા. ૨૪

ભારત આવતા એપ્રિલ મહિનામાં ૧૦ આફ્રિકન દેશો સાથે એક મોટી નૌસેના કવાયતનું આયોજન કરવા જઈ રહ્યું છે, જેમાં વિવિધ આફ્રિકન દેશોના યુદ્ધ જહાજો સામેલ થશે. આ કવાયત ભારત અને આફ્રિકા વચ્ચેની પ્રથમ બહુરાષ્ટ્રીય નૌકા કવાયતનો એક ભાગ હશે, જેનું નામ 'Aikime' છે. આ કવાયત ૧૩ થી ૧૮ એપ્રિલ દરમિયાન તાન્ઝાનિયાના દાર-એસ-સલામમાં થશે.

આ કવાયત દ્વારા ભારત, આફ્રિકામાં તેની અસરકારક હાજરી વધારવાની યોજના ધરાવે છે, જ્યાં ચીને પહેલેથી જ મજબૂત અસર કરી છે. આફ્રિકન દેશો ઉપરાંત, ભારતીય નૌકાદળનો એક મોટો ભાગ પણ આ કવાયતમાં ભાગ લેશે, જેમાં INS ચેન્નાઈ (વિનાશક), INS શાર્દુલ (લેન્ડિંગ શિપ, ટેન્ક) અને P8I મેરીટાઈમ સર્વેલન્સ એરક્રાફ્ટ સામેલ હશે.

ભારતીય નૌકાદળ અને ફ્રેન્ચ નૌકાદળ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલ દ્વિપક્ષીય નૌકા કવાયત વરુણ ૨૦૨૫ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ કવાયત દરિયાઈ સુરક્ષા પ્રત્યે બંને દેશોની કાયમી ભાગીદારી અને પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કવાયતની આ આવૃત્તિમાં જટિલ પરિસ્થિતિઓમાં વ્યૂહાત્મક અને ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવાના હેતુથી અનેક મલ્ટિ-ડોમેન કસરતોનો સમાવેશ થાય છે. વરુણ ૨૦૨૫માં સંરચિત કવાયત નૌકાદળ યુદ્ધના વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, જે બંને નૌકાદળ વચ્ચેની આંતર-કાર્યક્ષમતા પર પ્રકાશ પાડે છે. ફ્રેન્ચ નૌકાદળના રાફેલ-એમ એરક્રાફ્ટ અને ભારતીય નૌકાદળના મિગ-29K એરક્રાફ્ટને દર્શાવતા, કવાયતમાં વાસ્તવિક લડાઇના દશ્યોનું અનુકરણ કરવામાં આવ્યું હતું, જે હવાઈ જોખમોનો અસરકારક રીતે સામનો કરવા માટે સહભાગી એકમોની ક્ષમતાને માન આપે છે. ભારતીય સબમરીન અને બંને સૈન્યની સબમરીન વિરોધી ફ્રિગેટ્સને સામેલ કરીને, આ કવાયત પાણીની અંદરના ક્ષેત્રમાં જાગૃતિ અને ઓપરેશનલ રણનીતિ સુધારવા પર કેન્દ્રિત હતી.

કવાયતમાં ભાગ લેનારા કાફલાઓએ તેમની સંયુક્ત લડાઇ શક્તિ અને વ્યૂહાત્મક સંકલન દર્શાવતા જટિલ સંકલિત દાવપેચ અને સિમ્યુલેટેડ એન્કાઉન્ટર કર્યા. બંને નૌકાદળના ફ્લીટ ટેન્કરોએ ભરપાઈ કરવાની કવાયત હાથ ધરી હતી, જેમાં લોજિસ્ટિક્સ આંતરસંચાલનક્ષમતા સાબિત થઈ હતી અને સતત દરિયાઈ કામગીરી માટે પરસ્પર સહયોગમાં વધારો થયો હતો.

## જસ્ટિસ યશવંત વર્માની અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફરનો ઉગ્ર વિરોધ





### હાઈકોર્ટ બાર એસોસિએશન આજથી ચોક્કસ મુદતની હડતાલ પર જવાની કરી જાહેરાત

નવીદિલ્હી, તા. ૨૪

વકીલોએ જસ્ટિસ યશવંત વર્માની દિલ્હીથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફરનો ઉગ્ર વિરોધ જાહેર કર્યો છે. હાઇકોર્ટ બાર એસોસિએશને મંગળવારથી અચોક્કસ મુદ્દતની હડતાળની જાહેરાત કરી છે. સોમવારે મોડી સાંજે અધ્યક્ષ અનિલ તિવારીના નિવાસસ્થાને બાર અધિકારીઓની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ કોલેજિયમના ટ્રાન્સફરના નિર્ણયને પાછો ખેંચી લેવામાં નહીં આવે ત્યાં સુધી અહીંના વકીલો ન્યાયિક કામ કરશે નહીં. આ પહેલા જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી કરોડો રૂપિયાની વસૂલાતના મામલામાં અલ્હાબાદ હાઈકોર્ટ બારે સોમવારે જનરલ બોડીની બેઠક યોજી હતી. બેઠકમાં સર્વાનુમતે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે ન્યાયમૂર્તિ યશવંત વર્મા વિરુદ્ધ તેમના ઘરમાંથી કરોડો રૂપિયાની વસૂલાતના કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવે. આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા થવી જોઈએ અને જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને અન્ય કોઈ હાઈકોર્ટમાં ટ્રાન્સફર ન કરવી જોઈએ. આ સાથે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે પણ તેમની સામે મહાભિયોગની ભલામણ કરવી જોઈએ.

ન્યાયાધીશોની નિમણૂકમાં ભત્રીજાવાદનો અંત લાવવાની માંગ પણ સામાન્ય સભામાં ઉઠી હતી. ન્યાયાધીશોના પરિવારજનો અને સંબંધીઓ સાથે જોડાયેલા તમામ ન્યાયાધીશોને અન્ય હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વકીલોએ અલ્હાબાદ હાઈકોર્ટમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ ભરવાની પણ માંગ કરી હતી. સામાન્ય સભાએ સોમવારે જ બપોરના ભોજન બાદ ન્યાયિક કામકાજથી અળગા રહેવાનો ઠરાવ પસાર કર્યો હતો અને વકીલોએ કામ કર્યું ન હતું. જસ્ટિસ વર્માના નિવાસસ્થાનમાંથી કરોડો રૂપિયાની રોકડ વસૂલાત અને અલ્હાબાદ હાઈકોર્ટમાં તેમની બદલીના સમાચાર બાદ અહીંના વકીલો ઉશ્કેરાયા છે. જોકે સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માના ટ્રાન્સફરને સમર્થન આપ્યું ન હતું, પરંતુ હાઈકોર્ટ બાર એસોસિએશન શરૂઆતથી જ તેનો વિરોધ કરી રહ્યું છે.

અધ્યક્ષ અનિલ તિવારીએ પહેલા જ કહ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટ કોઈ ડસ્ટબીન નથી. ભ્રષ્ટાચારના આરોપી જજને અહીં સ્વીકારવામાં આવશે નહીં. સોમવારે મળેલી જનરલ બોડીની બેઠક બાદ એડવોકેટો અડધો દિવસની હડતાળ પર ઉતરી ગયા હતા. સાંજે જસ્ટિસ વર્માની ટ્રાન્સફરની પુષ્ટિ થયા બાદ જ બીજી બેઠક યોજીને અચોક્કસ મુદ્દતની હડતાળની જાહેરાત કરવામાં આવી હતી.

પડોશીઓ વચ્ચે જીણી મોટી વાતે કજીયા કંકાસ થતાં રહેઃ પણ આ ઘટનાએ ભળભળાટ મચાવ્યો

# પડોશણે પડોશીના સાત વર્ષના માસુમ દિકરાને ઝેર પાઇ દીધું

**ત્રણ દિવસે ભાનમાં આવેલા બાળકે હકિકત જણાવતાં કહ્યું-હેતલબાએ મને સોડા છે કહી પરાણે દવા પાઇ દીધી હતીઃ પડોશીની બંગડી ચોરાઇ જતાં હેતલબેન પર શંકા ઉપજી હતીઃ જેણે ખોટુ કર્યુ હશે એનું ખોટુ થશે એવુ કહેવાતાં પોતે ખોટુ નથી કર્યુ એવું સાબિત કરવા નિર્દોષને મારી નાખવાનો પ્રયાસ કર્યોઃ ધરપકડ**




રાજકોટઃ પડોશીઓ વચ્ચે બોલાચાલી અને ઝઘડા થવાની ઘટનાઓ બનતી રહેતી હોય છે. નજીવા કારણે ઝઘડી પડતાં બાખડી પડતાં અને કયારેક બટાઝટી બોલાવી લેતાં પડોશીઓ પછી ફરી એક થઇ જતાં હોય છે. પરંતુ ઘણીવાર પડોશીઓ-પડોશણો વચ્ચે થતાં ઝઘડાનો અંજામ કલ્પના બહારનો આવતો હોય છે. આવી જ એક ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે જેમાં એક સાત વર્ષના બાળકને પડોશણે સોડામાં ઝેરી દવા ભેળવીને પાઇ દઇ હત્યાનો પ્રયાસ કર્યો હતો. સદ્દનસિબે સારવારને અંતે બાળક ત્રણ દિવસ બાદ ભાનમાં આવતાં આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. પડોશણે શા માટે આ માસુમને મારી નાંખવાનો પ્રયાસ કર્યો? તેનું કારણ જાણીની પોલીસ સહિત સૌ કોઇ ચોંકી ગયા હતાં. હત્યાનો પ્રયાસ કરનારી આ મહિલાને પોલીસે ઝડપી લઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટના વિગતો પ રનજર કરીએ તો આ બનાવ આણંદ જીલ્લાના આણંદ જિલ્લાના તારાપુરમાં બન્યો છે. અહિ સાત વર્ષના બાળકની તબિયત લથડતાં તેને આઈસીયુમાં દાખલ કરાયો હતો. ત્રણ દિવસ બાદ બાળક જ્યારે ભાનમાં આવ્યુ તો ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં પાડોશમાં રહેતી મહિલાએ બાળકને ઝેરી દવા પીવડાવીને હત્યાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવતાં સૌ ખળભળી ગયા હતાં. પોલીસે જાહેર કરેલી વિગતો પર નજર કરીએ તો આણંદ જિલ્લાના તારાપુરના જીચકા ગામ ખાતે સાત વર્ષના બાળકને હેતલબહેન નામના મહિલાએ કપાસમાં નાખવાની દવા પાણીમાં નાખીને જબરદસ્તી પીવડાવતા બાળકની તબિયત લથડી હતી. આ બાળકને ત્રણ દિવસ સુધી આઈસીયુમાં દાખલ કરાયો હતો. જ્યારે બાળક ભાનમાં આવ્યું ત્યારે તેના પિતાએ તેને ખરેખર શુ થયું હતું? તે અંગે પૂછતાં સમગ્ર બાબતે ખુલાસો થયો હતો.

વિશેષ વિગતો બહાર આવી છે તેના પર નજર કરીએ તો આરોપી હેતલબહેન આ બાળકના પાડોશી છે અને તેમના ફળિયામાં કોકિલાબહેન નામના મહિલા એકલાં રહે છે. થોડા દિવસ પહેલા કોકિલાબહેન બહારગામ ગયા હતા અને તેમણે ઘરની ચાવી આરોપી હેતલબહેનને રાખવા આપી હતી. પરંતુ જ્યારે કોકિલાબહેન ઘરે પરત આવે છે તો તેમને ઘરમાં રાખેલા સોનાની બંગડી ગાયબ હતી. જેથી તેમણે હેતલબહેનને પૂછ્યું હતું.

એટલે હેતલબહેને દાગીના કયા છે? ત્યારે તે જાણતી ન હોવાનું કહેતા કોકિલાબહેને કહ્યું કે ભગવાન જોવે છે જેણે પણ ખોટું કર્યું હશે તેની સાથે પણ ખોટું થશે.

આ પછી આરોપીએ ચોરીનો દોષ પોતાના પર ન આવે અને ચોરીનો દોષ બીજા પર જાય અને ભગવાને ખોટુ કરનારા સાથે ખોટુ કર્યુ એવુ દેખાડવા માટે પાડોશી બાળકને ઝેરી દવા પીવડાવી દીધી હતી. સદનસીબે બાળકનો જીવ બચી ગયો હતો. હાલ બાળકની સ્થિતિ સારી હોવાથી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી.

પોલીસ તપાસ બાદ સામે આવેલી વધુ વિગતો જોઇએ તો જીચકા ગામમાં પતિના અવસાન બાદ બારમા દિવસે ઘરમાં સોનાની બંગડીની જરૂર પડતા ઘરમાંથી બંગડી મળી ન હતી. પડોશમાં રહેતા હેતલબેન રાજુભાઈ પટેલે અન્ય મહિલા પડોશીના પતિએ ઘરની ચાવી આપવા બાબતના આક્ષેપ કર્યા હતા. બારમાની વિધિ બાદ ફળિયામાં બધાને બંગડી બાબતે ભેગા કર્યા હતા. જ્યાં હેતલબેન પટેલ ખોટા સાબિત થતા પતિ રાજુભાઈએ હેતલબેનને બધાની વચ્ચે બે-ત્રણ લાફા મારી દીધા હતા.

તેમજ જેની બંગડી હતી તેણે ભગવાન જોવે છે, જેણે લીધુ હશે એનું ખરાબ થશે એવા શબ્દો કહેતાં એ પછી એ જ ફળિયામાં રહેતા પડોશીના દીકરાને ઉલટીઓ થતા સારવાર માટે તારાપુરની ખાનગી હોસ્પિટલ બાદ ગંભીર જણાતા કરમસદ મેડિકલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ત્રણ દિવસ બાદ બપોરે બાળક ભાનમાં આવ્યો હતો. માતા-પિતાએ પૂછપરછ કરતા બાળકે જણાવ્યું હતું કે, હેતલબાએ મને ઘરે બોલાવી ફ્રીઝમાંથી બોટલ કાઢી પાણીના ગ્લાસમાં નાખી પીવડાવી હતી.

મેં ના પાડી તો મને જબરજસ્તી ગ્લાસમાં સફેદ સોડા જેવી દવા પીવડાવી હતી.

બાળક સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી. આ અંગે સાત વર્ષના બાળકની માતાની ફરિયાદના આધારે તારાપુર પોલીસે હેતલબેન રાજુભાઈ પટેલ (રહે. મોટી ખડકી, પટેલ ફળિયું, જીચકા ગામ) વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરાયો હતો. ખંભાતના ડીવાયએસપી એચ.બી. કુંપાવતે જણાવ્યું હતું કે હેતલબેન પટેલે પડોશમાં રહેતા સાત વર્ષના દીકરાને કપાસમાં નાખવાની દવા પીવડાવી ઘરે મોકલ્યો હતો. બાળકને ઉલ્ટીઓ થયા બાદ સારવાર અપાઈ હતી. બાળક ભાનમાં આવ્યા બાદ પૂછપરછ કરતા પડોશી હેતલબેને સોડા છે તેમ કહી પીવડાવી દીધું હતું તેમ જણાવ્યું હતું. આરોપી હેતલબેન રાજુભાઈ પટેલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# આજી નદીમાં નમકીનના પેકેટ નાખવા બદલ ૧૦૦૦૦નો દંડ

## થોડા દિવસ પૂર્વે લોધીકામાં આવેલી નમકીન કંપની દ્વારા સૌથી વધુ પેકેટ આવ્યા હતા ફેંકવામાં




રાજકોટ, તા. ૨૪

આરોગ્ય વિભાગ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા થોડા દિવસ પૂર્વે આજે નદીના કાંઠે લોધિકા ગામ પાસે આવેલી એક ફેક્ટરી ના નમકીન પેકેટ ને ફેંકવામાં આવ્યા હતા અને આ નમકીન પેકેટની સંખ્યા અંગે જો વાત કરવામાં આવે તો ૧૦૦ થી વધુ પેકેટોને ફેંકી દેતા અનેક પ્રશ્નો ઉભા થયા આ અંગે ગંભીરતાપૂર્વક કરતા માલુમ પડ્યું કે ખાંભા ગામે ડોક્ટર હેપી નમકીન નામની કંપની આવેલી છે જ્યાં આ નમકીનના પેકેટનું ઉત્પાદન થાય છે. એટલું જ નહીં જે નમકીનના પેકેટ ફેંકવામાં આવ્યા તે એક્સપાયરી ડેટ વાળા હોવાના પણ માલુમ પડ્યા હતા.

રાજકોટ શહેરની વચ્ચેથી પસાર થતી આજી નદીના રામનાથ પરાના બેઠા પુલની બાજુમાં ડો. હેપી નમકીનના એક્સપાયરી ડેટવાળા નમકીન પેકેટનો મોટો જથ્થો નાંખવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આ બાબતે તપાસ હાથ ધરતા ડો. હેપી નમકીન લોધિકા તાલુકાના ખાંભા ગામએ કંપની આવેલ હોઈ, તે કંપનીનો સંપર્ક કરતા તેમના ડીસ્ટ્રીબ્યુટર પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ આ એક્પાયરી ડેટવાળા નમકીનના જથ્થાનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ. આ કામગીરી નાયબ મ્યુનિસિપલ કમિશનર એચ.આર.પટેલના માર્ગર્શન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીની સુચના હેઠળ પૂર્વ ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર વી.આર. ચાવડા તથા વોર્ડ નં.૬ના સેનેટરી સબ ઇન્સ્પેકટર મહેશ ગાંગાણી દ્વારા કરવામાં આવેલ.

# કાલે ૫૬૫ કરોડના વિવિધ વિકાસ કામોને ખુલ્લા મુકશે CM

## ૧૮૩ આવાસના લાભાર્થીઓને મળશે પોતાના ઘરનું ઘર : હાથ ધરાશે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ રૂ.૫૬૫.૬૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી, ખાલી પડેલ EWS-2 (1.5 BHK)ના ૧૩૩, MIG (3 BHK)ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરવામાં આવશે. સાથો સાથ શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં ૨૫ નવી સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસનું લોકાર્પણ પણ આ કાર્યક્રમમાં કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી,રૂ.૫૮.૫૪ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત એમ કુલ રૂ.૩૯૦.૮૦ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતગર્ત નિર્માણ પામેલ આવાસો પૈકી, ખાલી પડેલ EWS-2 (1.5 BHK)"p 133, MIG (3 BHK)ના ૫૦ એમ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના રૂ.૧૭૪.૮૩ કરોડના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આવતીકાલે કરવામાં આવશે. રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળનો પ્લોટ, કટારીયા ઓટો મોબાઈલ્સ શો રૂમની બાજુમાં, નવો ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. હાલ મહાનગરપાલિકા પાસેથી જે વિગતો મળી રહી છે તેમાં EWS-2 અને MIG આવાસ યોજનાના ડ્રોની વિગત પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ MIG કેટેગરીના ૫૦ આવાસો તથા EWS-2 કેટેગરીના ૧૩૩ આવાસો માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવી હતી . આ લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, તથા રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરો,અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

નવા જુના ગતકડાઓનો ઉપયોગ કરી લોકોને જાળમાં ફસાવવાના વધુ ત્રણ કિસ્સાનો પર્દાફાશ

# યુકેના વર્ક પરમીટ વીઝાના નામે લગાડાયો ૩૪ાા લાખનો ચૂનો

**બાપ-બેટાએ ભાગીદારી કંપનીને સુપરવાઝર સાથે મળી મારી દીધો લાખોનો ધૂંબો**




રાજકોટઃ ફ્રોડની દુનિયામાં રોજ કોઇને કોઇ ન છેતરાય તો જ નવાઇ જેવુ લાગે છે. રોજ ઉઠીને ગઠીયાઓ લેભાગુઓ ગામના ગજવા ખાલી કરી નાખતા હોય છે. નવા જુના નુસ્ખાઓનો આમાં ભરપુર ઉપયોગ થતો હોય છે. યુકેના વિઝા અપાવવાના બહાને વધુ એક છેતરપીંડી થઇ છે. જેમાં યુવાનના ચોત્રીસ લાખ પચાસ હજાર ખાઇ જવાયા છે. નકલી દસ્તાવેજો ઉભા કરી દેવાયા હોઇ વિઝા રદ્દ થઇ જતાં સમગ્ર કારસ્તાન ખુલ્લુ પડ્યું હતું. ઠગાઇની બીજી ઘટનામાં બાપ-બેટાએ મળીને કંપીનને સવા ત્રણ લાખનો ચુનો લગાવી દીધો હતો. આમાં સુપરવાઇઝરે પણ આ બંનેને ટેકો દીધો હોઇ ત્રણેય વિરૂધ્ધ કાર્યવાહી થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આણંદના ચિખોદરા ગામના યુવકને યુકેના વર્ક પરમીટ વિઝા અપાવવાની લાલચ આપી મૂળ કાસોરના અને હાલ યુકેમાં રહેતા શખ્સે વડોદરાના શખ્સ સાથે મળી રૂા. ૩૪.૫૦ લાખની છેતરપિંડી કરી હતી. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે છેતરપિંડી કરનારા બંને શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. ચિખોદરા ગામે રહેતા સાગર ઠાકોરભાઈ પટેલને પત્ની સાથે લંડન જવું હોવાથી માર્ચ-૨૦૨૪માં યુકેમાં રહેતો આકાશ પટેલ વર્ક પરમીટ વિઝાનું કામ કરતો જોવાનું જાણવા મળ્યું હતું. સાગર પટેલે યુકે રહેતા આકાશ પટેલનો વોટ્સએપથી સંપર્ક કર્યો હતો. ત્યારે વિઝા, ત્યાં કામ અપાવવા તથા પત્નિના ડિપેન્ડન્ટ વિઝા માટે વાત કરતા રૂા. ૩૬.૫૦ લાખ ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. વિઝા મંજૂર ન થાય તો પ્રોસેસિંગ ફી તથા ખર્ચ બાદ કરી બાકીના રૂપિયા પરત કરવાનું કહેતા વિશ્વાસ કર્યો હતો.

**ત્રીજી ઘટનામાં પોસ્ટમાસ્તર ખાતેદારોના અઢાર લાખ બારોબાર ગપચાવી ગયાઃ પોલીસે કરી ધરપકડ**

ત્યારબાદ આકાશ પટેલના કહ્યા મુજબ સાગર પટેલે વડોદરામાં રહેતા સુનિલભાઈ પટેલને જરૂરી દસ્તાવેજો અને ટુકડે ટુકડે રૂા. ૩૯.૫૦ લાખ ચૂકવી આપ્યા હતા. પરંતુ વિઝા રિફ્યૂઝ થયાનો મેસેજ આવ્યો હતો. બાદમાં તપાસ કરતા સાગર પટેલની જાણ બહાર આકાશ પટેલ તથા સુનિલભાઈએ યુપીની બનાવટી માર્કશીટો, ડિગ્રીઓ, દસ્તાવેજો રજૂ કર્યા હોવાથી વિઝા રિફ્યૂઝ થયા હતા. નાણાં માંગતા માત્ર પાંચ લાખ જ પરત આપ્યા હતા. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણી સાગર પટેલે આણંદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આકાશ પટેલ અને વડોદારાના સુનિલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

ઠગાઇના અન્ય એક બનાવમાં ઓઢવની કંપનીમાં ભાગીદાર પિતા-પુત્રએ કંપનીના સુપરવાઈઝર સાથે મળીને ભાગીદારની આંખમાં ધૂળ નાખીને રૂપિયા ત્રણ લાખ સોળ હજારની ઠગાઇ કરી હતી. જેમા પિતાએ પુત્રને કામ શીખવવાના બહાને કંપનીમાં લગાવ્યો અને કંપનીના વેન્ડર સોર્સ કોડની ચોર્યા તથા કંપનીના કમ્પ્યુટરમાંથી અગત્યના ડેટા સાથે ટેમ્પરિંગ કર્યા હતા.જો કે ભાગીદારે વોચ ગોઠવતાં ભાંડો ફૂટયો હતો જેથી કંપનીમાં આવવાનું બંધ કરીને ભળતા નામની કંપની શરુ કરીને છેતરપીંડી કરવા લાગ્યા હતા. બનાવ અંગે ભાગીદારે પિતા પુત્ર સહિત ત્રણ લોકો સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નવા નરોડા ખાતે રહેતા પિતા પુત્ર તથા,સુપરવાઇઝર સામે ફરિયાદ નોંધાવી છે કે ઓઢવમાં ભાગીદારીમાં કંપની શરૂ કરી હતી. જ્યારે કંપનીમાં માલની ક્વોલીટી ચેક કરતા અને મટીરીયલ્સ લાવવા તથા પહોચાડવા માટે સુપરવાઇઝરને નોકરીએ રાખ્યા હતા.

આ દરમિયાન પિતાએ પુત્રને પોતાની ભાગીદારીની કંપનીમાં કામ શીખવવાના બહાને લાવ્યા હતા પિતા અને પુત્રએ મળીને કંપનીમાંથી ડેટા ચોરવા લાગ્યો અને બીજી કંપનીના ઈ-મેઈલ એડ્રેસ તથા અન્ય દસ્તાવેજની ચોરી કરીને પિતાએ નવી શરુ કરેલી કંપનીમાં ઓર્ડર લેવાનું શરુ કર્યું હતું. પિતા પુત્ર ભાગીદારીની કંપનીમાં જે ઓર્ડર આવ્યો હોય તેની વિગતો મેળવીને પોતાની કંપનીમાં મટીરીયલ બનાવીને ઓછા ભાવે પોતાની કંપનીના નામે વેચી નાંખતા હતા.

એટલું જ નહી સુપરવાઈઝરને રૂપિયાની લાલચ આપીને પોતાની સાઈડમાં કરી લીધો અને કંપનીમાંથી માલ નીકળે તો તેનું ખોટું વજન બતાવીને ફરિયાદી પાસેથી રૂપિયા પડાવી લેતા હતા. ફરિયાદીએ વોચ ગોઠવીને વજન કંટાની રીસીપ્ટ જોતા અન્ય વજન કાંટા પર જઈને મટીરીયલ્સનું વજન કરાવતા ઓછુ નીકળતા સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટયો હતો.

### અઢી અક્ષરના ઈશ્ક પાછળ બરબાદ થઈ જનારાઓની સંખ્યામાં વધારોઃ બે ચોંકાવનારી ઘટના

# પ્રેમીકાને ભગાડી ગયેલા પ્રેમીના ઘર પર બૂલડોઝર ફેરવી દેવાયું!

## છુટાછેડા લઈ ચુકેલા યુવાનને હવે પારકી પરણેતર સાથે પ્રેમ થયો હતોઃ પરિણીતાના પરિવારજનોએ છ ઘર તોડી પાડ્યાઃ ઘટનાએ સર્વત્ર જગાવી ચકચાર

રાજકોટઃ અઢી અક્ષરના પ્રેમમાં કંઇ કેટલાય બરબાદ ફના થઇ જતાં હોય છે. આ વચ્ચે પ્રેમ પ્રકરણની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. હાલમાં પોલીસ અસામાજી તત્વોની ગેરકાયદેસર મિલ્કતો પર બૂલડોઝર ફેરવી રહી છે અને રાજ્યભરમાં આવી કામગીરીને કારણે ગુનેગારોમાં ફફડાટ ફેલાઇ ગયો છે. આ વચ્ચે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક યુવાન પરણેલી પ્રેમિકાને ભગાડી ગયા બાદ વાત વણસી જતાં આ પરિણીતાના પરિવારજનો રોષે ભરાઇ ગયા હતાં અને જેસીબી સાથે પરણેલી મહિલાને ભગાડી જનારા શખ્સના ઘરે પહોંચી તેના મકાન સહિત છ મકાનો પર બૂલડોઝર ફેરવી કડુસલો બોલાવી દીધો હતો! આ ઘટનાએ રાજ્યભરમાં ચકચાર જગાવી દીધી છે. બીજી તરફ એક યુવાન અને યુવતિએ દુપટ્ટાથી પોતાના હાથ બાંધી એક સાથે નદીમાં કુદી જઇ મોતને વ્હાલુ કરી લીધુ હતું. પ્રેમમાં નિષ્ફળતા મળતાં આ પગલુ ભર્યાની શંકા સાથે પોલીસે બંનેની ઓળખ મેળવવા પ્રયાસો શરૂ કર્યા હતાં.

પ્રથમ ચોંકાવનારી ઘટના જોઇએ તો કુંવાર યુવાનની પરણેલી મહિલા સાથેની પ્રેમકહાનીનો અત્યંત ચોંકાવનારો અંજામ આવ્યો છે. પ્રેમી પોતાની પરણેલી પ્રેમિકાને ભગાડી ગયા બાદ જોવા જેવી થઇ હતી. આ ઘટના ભરૂચ જંબુસર તાલુકાના કારેલી ગામમાં બની છે. ગામનો એક યુવક પરિણીત મહિલાને ભગાડી ગયો હતો. આ ઘટનાથી ગુસ્સે થયેલા મહિલાના પરિવારજનોએ યુવકના ઘર સહિત છ મકાનો જેસીબી મશીનથી તોડી નાખ્યા હતા. આ યુવક અગાઉ ઉબેર ગામની યુવતી સાથે પરણ્યો હતો. પરંતુ છૂટાછેડા થઈ ગયા હતા. તેણે ગામમાં રહેતી પરિણીતાને તેના પિયર આણંદ જિલ્લાના આંકલાવના એક ગામથી ભગાડી લઈ ગયો હતો. વધુ માહિતી મુજબ યુવતીના પતિ અને તેના પરિવારજનોએ આ યુવકના ઘરે આવીને તેની બહેન પર હાથ ઉપાડ્યો હતો. તેમણે યુવકને શોધી લાવવાની ધમકી આપી હતી.

ત્યારબાદ પાંચથી વધુ લોકોએ જેસીબી મશીન લાવીને યુવકના ફળિયામાં છ ઘરોના પતરા, અડાળા, સંડાસ અને બાથરૂમ તોડી નાખ્યા હતા. આ ઘટનાથી ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. યુવકની માતાએ જેસીબીના ચાલક સહિત છ લોકો વિરૂધ્ધ વેડચ પોલીસ મથકમાં દાખલ કરવામાં આવી હતી. અપહરણ કરનારાના ઘરને તોડી પાડવાની આ ઘટનાએ સર્વત્ર ચકચાર જગાવી છે.



### બીજી કરૂણ ઘટનામાં યુવાન-યુવતિએ દૂપટ્ટાથી હાથ બાંધી નદીમાં કુદી મોતને વ્હાલુ કર્યું

બીજી કરૂણ ઘટના જોઈએ તો ઈશ્ક આમ તો અઢી અક્ષરનો આ શબ્દ છે પણ ઈશ્ક પ્રેમ બધાને ફળતો હોતો નથી. અનેક એવા પ્રેમીપંખીડાઓ છે જે પ્રેમની વેદી પર બલીદાન આપી ચુક્યા છે, પોતાની જિંદગી ન્યોછાવર કરી ચુક્યા છે. કેટલાક નસીબદાર પણ હોય છે જે પોતાની પ્રેમકહાનીને આગળ જતાં લગ્ન સુધી લઈ જવામાં સફળ થતાં હોય છે. વધુ એક પ્રેમકહાનીનો પ્રેમી અને પ્રેમીકાના મોત સાથે અત્યંત કરૂણઅંત આવી ગયો છે. સમાજ પરિવાર એક નહિ થવા દે એવુ લાગતાં યુવાન અને યુવતિ પોતાના હાથ દૂપટ્ટાથી બાંધી એક સાથે નદીમાં કૂદી પડ્યા હતાં અને બંનેની જિંદગીનો આંવી ગયો હતો.

પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી મૃતદેહો બહાર કાઢી બંનેના વાલીવારસની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પ્રેમમાં નિષ્ફળતાને કારણે આ પગલુ ભર્યાની પ્રાથમિક શંકા પોલીસે દાખવી હતી.

આ બનાવ સાબરમતી રિવરફ્રન્ટ પર બન્યો છે. અહિ ખાનપુર તરફ આવેલા વોક વે પરથી યુવક-યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. યુવતી પાસેથી એક બેગ પણ મળી આવી છે. જોકે આ બેગ તપાસતા કશું મળી આવ્યું નહોતું. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બંનેના મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યા છે. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા તપાસ કરવામાં આવતા બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ મામલે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસને જાણ કરવામાં આવતા પણ ઘટના સ્થળે પહોંચી હતી.

આત્મહત્યા કરનાર યુવક યુવતીની ઓળખ થઈ નહોતી માત્ર યુવતીના ડાબા હાથે પ્રિયાંશી લખેલું છે અને ટેટૂ ત્રોફાવેલું છે. જેના આધારે હાલ તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ ઘટના બારામાં ફાયર બ્રિગેડના સાબરમતી નદીના રેસ્ક્યુ ટીમના કર્મચારી ભરત માંગેલાએ જણાવ્યું હતું કે, આજે સાંજે ચારેક વાગ્યાના આસપાસ ક્રિકેટ કંટ્રોલમાં મેસેજ મળ્યો હતો કે સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ તરફ ખાનપુર કામા હોટલ પાસે વોકવે પર ઘાટ નંબર નવ નજીકથી એક યુવક યુવતીએ નદીમાં ઝંપલાવ્યું હતું. તેથી તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ બોટ સાથે તેઓ ઘાટ નંબર નવ પાસે પહોંચ્યા હતા. ત્યાર બાદ બંનેને તાત્કાલિક ધોરણે બહાર કાઢી અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. તેઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જોકે બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ યુવક-યુવતીની ઉંમર આશરે વીસેક વર્ષની છે. યુવક યુવતીએ બંને પોતાના હાથ બાંધી અને ત્યારબાદ એક સાથે નદીમાં ઝંપલાવ્યું હતું.

જ્યારે ફાયર બ્રિગેડે તેઓના મૃતદેહ બહાર કાઢ્યા ત્યારે તેઓના હાથ એક દુપટ્ટાથી બાંધેલા હતા. તેમની પાસે કોઈ ઓળખ કાર્ડ પણ મળી આવ્યું નથી. પોલીસને જાણ કરવામાં આવતા રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી.

પોલીસે હાલ બંનેના ફોટો વિવિધ પોલીસ સ્ટેશનમાં મોકલી અને તેઓના વાલી વારસની શોધખોળ યથાવત રાખી હતી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિચિત્રનું ચિત્ર

## અસામાજિકો અને ગેરકાયદે બાંધકામઃ થોડું વિચારો



ગુજરાતભરમાં અસામાજિક તત્વો પર ઘોંસ બોલી રહી છે, અસામાજિક-માથાભારે તત્વોના અમુકના મકાનો પર બુલડોઝર ફરી રહ્યા છે. આ પગલા આવકાર્ય છે. ગુજરાતની નેતાગીરી યુપીના યોગીજીની સ્ટાઈલથી આગળ વધી રહી હોય તેવો દેખાવ થાય છે.

ગુજરાતમાં એવી નીતિ અમલમાં મુકાઈ હોય તેમ લાગે છે કે, માથાભારે-અસામાજિક તત્વોના ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવશે. વાત સારી જ છે, પણ સવાલ એ થાય છે કે ગેરકાયદે બાંધકામો કરનારા લોકો અસામાજિક કાર્યો કરે તેની રાહ શા માટે જોવી જોઈએ ? ગેરકાયદે બાંધકામો ખડકી દેવા એ જ ગંભીર ગુન્હો છે. આવા લોકો સામે નિર્ણાયક પગલાં લેવા જોઈએ.

રાજકોટમાં ગેરકાયદે, બાંધકામો ઘણા છે. ઝુપડપટ્ટી જેવા વિસ્તારો પર ફોકસ કરો તો ખ્યાલ આવશે કે, આડેધડ મનફાવે તેવા બાંધકામો-ઓરડી બની ગઈ છે આવા બાંધકામો પરપ્રાંતીઓ અને સમાજીકોને ભાડે આપી દેવાય છે. શ્રમિકો તેમાં રહે તો વાંધો ન હોય, પણ અસામાજિકો ખૂબ ભાડે રાખીને માથાભારે પ્રવૃત્તિઓ ધમધોકાર કરે છે.

ઝૂંપડપટ્ટીઓમાં બાંધકામો ખડકવામાં તંત્રને પણ સાચવી લેવાતું હોય તેમ લાગે છે. આશ્ચર્યજનક બાબત એ છે જે સ્થાનો પર ભૂતકાળમાં ડિમોલેશન થયું ત્યાં ફરીથી બાંધકામો ખડકાઈ ગયા છે. આવી ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારોમાં અવારનવાર અસામાજિક તત્વો ભાડુઆત રૂપે ગોઠવાઈ જાય છે. માથાભારે બનીને ગુન્હાખોરીના ધંધા આદરે છે. ઘોંસ બોલે ત્યારે ઝુપડપટ્ટીમાંથી ભાગી જાય છે, આવી ગેરકાયદે ઓરડીઓ-બાંધકામો અસામાજિક પ્રવૃત્તિના મુખ્ય અડ્ડા છે.

આવા અડ્ડાઓ તત્કાળ તોડી પાડવા જરૂરી છે. ત્યાં અસામાજિક પ્રવૃત્તિઓ થાય તેની રાહ શા માટે જોવામાં આવે છે. ગેરકાયદે બની ગયેલી ઓરડીઓનો સફાયો કરો તો પણ અસામાજિકોના આશરા બંધ થઈ જશે.

આ ઉપરાંત ગેરકાયદે બાંધકામો, કોની મીઠી નજર હેઠળ ઝુપડપટ્ટીઓમાં ખડકાઈ જાય છે તેની તપાસ કરીને તંત્રમાં ગોઠવાયેલા સેટિંગબાજોનો પર્દાફાસ થવો જોઈએ. માત્ર દેખાડો કરવા જ ડીમોલિશન કરવાને બદલે મહાસફાયો જરૂરી છે. ઝૂંપડામાં ગેરકાયદે રહેનારા લોકો અસામાજિક પ્રવૃત્તિ કરે તેની રાહ જોવી એ નીતિ વિચિત્ર છે.

ઝૂંપડામાં રહેનારા માટે કેન્દ્ર-રાજ્ય સરકારોએ વિશેષ યોજનાઓ બનાવી છે. આવાસના નિર્માણ થાય છે. ઝુપડપટ્ટીઓ સમાજની શરમ છે. માત્ર શરમ નથી, ગેરકાયદે પ્રવૃત્તિઓના અડ્ડા પણ ઝૂંપડપટ્ટી બને છે. રાજકોટમાં ચારે બાજુ ધમધમતી ઝુપડપટ્ટીમાં ખડકાયેલી ગેરકાયદે ઓરડીનો સર્વે કરીને તત્કાળ કડુસલા બોલવા જોઈએ.

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "
ભૂલ એ જીવનનું એક
પાનું છે,
પણ સંબંધ એ આખું
પુસ્તક છે.
જરૂર પડયે ભૂલનું પાનું
ફાડી નાખજો,
પણ એક પાના માટે આખું
પુસ્તક ક્યારેય
નહીં ફાડતા.

પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# લઘુમતી માટે અનામત અંગે બંને ગૃહોમાં હંગામો

## જેપી નડ્ડાએ કહ્યું બંધારણ જણાવે છે કે ધર્મના આધારે આરક્ષણ આપવામાં આવશે નહીં

નવીદિલ્હી, તા. ૨૪



સંસદની કાર્યવાહી સોમવારે ફરી શરૂ થઈ અને રાજ્યસભા અને લોકસભામાં વિવિધ બિલો પર ચર્ચા થવાની અપેક્ષા છે. જો કે, કાર્યવાહી શરૂ થયાની થોડી મિનિટો બાદ હંગામો થયો હતો, જેના કારણે બંને ગૃહો સ્થગિત થઈ ગયા હતા. મુસ્લિમો માટે અનામત અંગે કોંગ્રેસની સ્થિતિ અંગે વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે પાસેથી સ્પષ્ટતાની માંગણી સાથે રાજ્યસભામાં જોરદાર વિરોધ ફાટી નીકળ્યો હતો. બીજેપી સાંસદ કિરેન રિજિજુએ કહ્યું, ''કોંગ્રેસના એક વરિષ્ઠ બંધારણીય પદ પર રહેલા નેતાએ નિવેદન આપ્યું છે કે તેઓ (કોંગ્રેસ) મુસ્લિમ સમુદાયને અનામત આપવા માટે ભારતના બંધારણમાં ફેરફાર કરવા જઈ રહ્યા છે. અમે આ નિવેદનને હળવાશથી લઈ શકીએ નહીં.'' ગૃહના નેતા જેપી નડ્ડાએ કહ્યું કે બંધારણ જણાવે છે કે ધર્મના આધારે આરક્ષણ આપવામાં આવશે નહીં.

લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે, જ્યારે રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

લોકસભામાં, કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણ વિચારણા અને પસાર કરવા માટે નાણા બિલ, ૨૦૨૫ રજૂ કરશે, જ્યારે રાજ્યસભામાં તેઓ બેંકિંગ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ પસાર કરવા માંગશે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, ''બાબાસાહેબ આંબેડકર દ્વારા બનાવેલા બંધારણને કોઈ બદલી શકે નહીં. અનામતને કોઈ નાબૂદ કરી શકે નહીં. તેને બચાવવા માટે અમે કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત જોડો યાત્રા કાઢી. તેઓએ (એનડીએ સાંસદો તરફ ઈશારો કરીને) ભારતને તોડ્યું.'' કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આ અંગે વાંધો ઉઠાવતા કહ્યું કે, ''મુસ્લિમ અનામતનો મુદ્દો ઉઠાવીને કોંગ્રેસે બાબાસાહેબ આંબેડકરના બંધારણની પ્રતિષ્ઠાને કલંકિત કરી છે. જો તમારામાં હિંમત હોય તો આજે જ ડેપ્યુટી સીએમના રાજીનામાની માંગ કરો.''

NDA પાર્ટીએ બંધારણીય હોદ્દો ધરાવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતાના નિવેદનને ખૂબ ગંભીરતાથી લીધું છે અને તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે મુસ્લિમો માટે કોન્ટ્રાક્ટમાં અનામત એ મુસ્લિમ સમુદાયને અનામત અને અન્ય સુવિધાઓ આપવાનું એક પગલું છે અને આ માટે તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારતના બંધારણમાં ફેરફાર કરવામાં આવશે. તેમનું નિવેદન એકદમ સ્પષ્ટ છે.

તેઓ ભારતના બંધારણમાં ફેરફાર કરીને મુસ્લિમ સમુદાયને અનામત આપવા માંગે છે. મહેરબાની કરીને એક વાત યાદ રાખોઃ મુસ્લિમ પ્રતિનિધિત્વ અને આરક્ષણનો મુદ્દો ૧૯૪૭માં ફગાવી દેવામાં આવ્યો હતો જ્યારે મુસ્લિમ લીગે મુસ્લિમ સમુદાયને અનામત આપવા માટે બંધારણ સભામાં આ મુદ્દો લાવ્યો હતો.''

# સ્ટેન્ડઅપ કોમેડિયન કૃણાલ કામરા વિવાદમાં

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ સિંધી વિરુદ્ધ ટીપ્પણી મામલે રાજકારણ ગરમાયુ

નવીદિલ્હી, તા. ૨૪



સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાની મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિરુદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણીના વિવાદ વચ્ચે, શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે હાસ્ય કલાકારે કંઈ ખોટું કર્યું નથી અને માત્ર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી રહ્યો હતો. મુંબઈના ખાર વિસ્તારમાં આવેલી યુનિકોન્ટિનેન્ટલ હોટેલના હેબિટેટ સ્ટુડિયોમાં તેમના પ્રદર્શન દરમિયાન, કામરાએ શિંદેને 'ગદ્દાર' (દેશદ્રોહી) કહ્યા હતા અને તેમના પર એક પેરોડી પણ ગાયું હતું. શિવ સેના (શિંદે જૂથ) ના કામદારો દ્વારા કરણ કમરા વિવાદ અને તોડફોડ અંગે ટિપ્પણી કરતાં, ઠાકરેએ કહ્યું, ''મને નથી લાગતું કે કુણાલ કમરાએ કંઈપણ ખોટું કહ્યું છે. લોહી તે ક્યારેય દેશદ્રોહી ન બની શકે, આ પોસ્ટ થોડા કલાકોમાં વાયરલ થઈ ગઈ છે, જે હાલમાં જ સંવિધાન બચાવવાની ઝુંબેશ ચલાવી રહી હતી.

આઝાદી પછી જ્યારે બંધારણ બનાવવામાં આવ્યું ત્યારે બંધારણના ઘડવૈયાઓએ નાગરિકોને મૂળભૂત અધિકારો આપ્યા હતા. આ અધિકારો કલમ ૧૨ થી કલમ ૩૫ સુધી વર્ણવેલ છે. આને ભારતીય બંધારણનો આધાર માનવામાં આવે છે. આ અધિકારો નાગરિકોને વિવિધ સ્વતંત્રતાઓ અને સુરક્ષા પ્રદાન કરે છે.

કલમ ૧૯ હેઠળ ભારતીય નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા એટલે કે વાણીની સ્વતંત્રતા આપવામાં આવી છે. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અર્થ એ છે કે ભારતીય નાગરિક પોતાના વિચારો લખીને, બોલીને, છાપીને, હાવભાવ કરીને અથવા અન્ય કોઈપણ રીતે વ્યક્ત કરી શકે છે. પરંતુ, કલમ ૧૯ (૨) એ સંજોગોનો પણ ઉલ્લેખ કરે છે જ્યારે વાણી સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ હોય છે. કુણાલ કામરા એક શો માટે ૧૨ થી ૧૫ લાખ રૂપિયા ચાર્જ કરે છે. તેમની સંપત્તિ વિશે કોઈ સત્તાવાર માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કુણાલ કામરાની કુલ સંપત્તિ ૧૧૬ હજાર ડોલરથી ૬૯૬ હજાર ડોલરની વચ્ચે છે. એટલે કે તે ૧ કરોડથી ૬ કરોડ રૂપિયાની આસપાસ છે. તેની કમાણીનો મોટો હિસ્સો સ્ટેજ શોમાંથી આવે છે

કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે પર કરેલા ટોણા બાદ રાજકારણ ગરમાયું છે. શિવસેનાના કાર્યકરો દ્વારા તેમના નેતા વિશે ખરાબ બોલ્યા બાદ કોમેડિયનના સ્ટુડિયોમાં તોડફોડ કરવામાં આવી હતી અને હોટેલમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. હવે આ મામલે વિપક્ષે પણ પ્રતિક્રિયા આપી છે. એનસીપી શરદ જૂથના નેતા રોહિત પવારે આડકતરી રીતે મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે કોમેડિયનોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ ૨૦૧૪ પહેલાનો સમય નથી.

# યુપીમાં યોગી સરકારના આઠ વર્ષ પુરા

## જીલ્લાસ્તર ઉપર યોજાશે વર્કશોપ : યોગી આદિત્યનાથે કહ્યું ભવિષ્યમાં ૨૦૪૭ સુધી સપા, કોંગ્રેસ કે બસપાનું કોઈ ભવિષ્ય નહીં હોય

નવીદિલ્હી, તા. ૨૪

યુપીમાં યોગી આદિત્યનાથ સરકારના ૮ વર્ષ પૂર્ણ થવા પર, સરકારની ઉપલબ્ધિઓની આજથી ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૭માં રાજ્યમાં ભાજપ સરકાર સત્તામાં આવી હતી. જે બાદ યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બન્યા. પ્રદેશ ભાજપ છેલ્લા ૮ વર્ષની સિદ્ધિઓને લઈને લોકો સાથે જનસંવાદ કરવા જઈ રહ્યું છે, આ સાથે પાર્ટી જિલ્લા સ્તરે વર્કશોપ પણ યોજશે. આ કાર્યક્રમ ૧૪મી એપ્રિલ સુધી ચાલશે. આ સિવાય રાહુલ ગાંધીના નાગરિક બનવાના સવાલ પર આજે અલ્હાબાદ હાઈકોર્ટમાં સુનાવણી થવાની છે. રાહુલ ગાંધીની બેવડી નાગરિકતા અંગે કોર્ટમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આરોપ છે કે રાહુલ ગાંધી ભારતના બદલે બ્રિટનના નાગરિક છે.

સંભલ હિંસાના આરોપી ઝફર અલીને UP SIT દ્વારા પૂછપરછ માટે ધરપકડ કરવામાં આવી છે. ઝફર અલી સંભલની જામા મસ્જિદના સદર છે. પોલીસની ગાડીમાં બેસીને તેણે હાથ હલાવીને લોકોનું અભિવાદન સ્વીકાર્યું. ઉત્તર પ્રદેશના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું છે કે, '૨૦૧૭માં બીજેપી સત્તામાં આવી અને ૨૦૨૫માં અમે ૮ વર્ષનું શાસન પૂરું કર્યું. રાજ્યના ૨૫ કરોડ લોકોના જીવનમાં જે પરિવર્તન અને ખુશીઓ આવી છે, જે વિકાસ થયો છે, ગરીબોના કલ્યાણ તરફ આગળ વધવાની જે તક મળી છે તે અજોડ છે. મને વિશ્વાસ છે કે અમે ૨૦૨૭માં ૨૦૧૭નું પુનરાવર્તન કરીશું અને સતત ત્રીજી વખત સરકાર બનાવીશું. યુપીના ભવિષ્યમાં ૨૦૪૭ સુધી સપા, કોંગ્રેસ કે બસપાનું કોઈ ભવિષ્ય નહીં હોય. તેમણે વધુમાં કહ્યું, 'આ ૮ વર્ષમાં સપાની હાલત ખરાબ થઈ ગઈ છે. તે સમજી ગયો કે હવે તેનું કોઈ ભવિષ્ય નથી.

સીએમએ વધુમાં કહ્યું કે લોકોએ પહેલા તોફાનો અને આતંક જોયો. આઠ વર્ષ પહેલા યુપી એક બિમાર રાજ્ય ગણાતું હતું. આજે એ જ રાજ્ય આર્થિક શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. અગાઉ યુપીને વિકાસ પર બ્રેક માનવામાં આવતી હતી. આજે એ જ રાજ્ય વિકાસનું ઉદાહરણ બનીને ઉભર્યું છે. રાજ્ય એ જ છે, પ્રજા એ જ છે, વ્યવસ્થા એ જ છે, માત્ર સરકાર બદલવાથી મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. સીએમ યોગીએ કહ્યું કે ૨૫, ૨૬, ૨૭ માર્ચના રોજ સરકારના સર્વાંગી વિકાસ કાર્યોને દરેક જિલ્લા મુખ્યાલય પર વિકાસ ઉત્સવ તરીકે ઉજવવામાં આવશે. જેમાં તમામ ક્ષેત્રના લાભાર્થીઓ, યુવક યુવતીઓ અને સાહસિકોનું સન્માન કરવાનો ૩ દિવસીય કાર્યક્રમ આવતીકાલથી શરૂ થશે. તમે બધા જાણો છો કે ૮ વર્ષ પહેલા ઉત્તર પ્રદેશમાં શું સ્થિતિ હતી. ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેવું હતું તે કોઈનાથી છુપાયેલું નથી. આ એ રાજ્ય છે જ્યાં ખેડૂતો આત્મહત્યા કરતા હતા. યુવક ઓળખ સંકટનો સામનો કરી રહ્યો હતો. આ પ્રદેશમાં રમખાણો અને અરાજકતા હતી. ઉત્તર પ્રદેશે આનો સામનો કર્યો હતો.

સીએમ યોગીએ કહ્યું કે રાજ્ય એક જ છે. મિકેનિઝમ સમાન છે. માત્ર સરકારના પરિવર્તનથી વ્યાપક પરિવર્તન કેવી રીતે આવે છે? આ અનુભવાઈ રહ્યો છે. સરકાર દ્વારા કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશ એક બીમાર રાજ્ય હતું, આજે એ જ રાજ્યને દેશની અર્થવ્યવસ્થાના ગ્રોથ એન્જિન તરીકે ઓળખવામાં આવે છે. આજે દરેક ક્ષેત્રે દેશના વિકાસમાં રાજ્યને બ્રેક થ્રુ તરીકે જોવામાં આવી રહ્યું છે. ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશ કૃષિ ક્ષેત્રે ઉપેક્ષિત હતું. ઉત્તર પ્રદેશ પ્રાચીન સમયથી કૃષિપ્રધાન છે. આપણી પાસે કુદરતની વિપુલ તકો હતી. અમે આને આગળ લઈ જઈ શકીએ છીએ. ૨૦૧૭ પહેલા ખેડૂતો આત્મહત્યા કરતા હતા અને કૃષિ ક્ષેત્રે તારાજી હતી. આજે મોટા ફેરફારો થયા છે. કૃષિ વિકાસ દર ૧૩.૫% થી વધુ છે. જેના કારણે રાજ્યના જીડીપીમાં ૨૮%નો વધારો થયો છે. આની શરૂઆત અમારી પ્રથમ કેબિનેટ દ્વારા કરવામાં આવી હતી. ૩૬ હજાર કરોડની લોન માફી આપવામાં આવી હતી.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ફાગણ વદ એકાદશી એટલે કે પાપ મોચિની એકાદશીનું મહાત્મ્ય જાણીએ!



મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ફાગણ ઉતરવાને આરે છે, અને ચૈત્રીનાં પડઘમ વાગી રહ્યા છે. એટલે કે વસંતના યૌવનનું હવે એક ગંભીરતા તરફ પ્રયાણ થઈ રહ્યું છે! એમ કહી શકાય. યુવાનીના ઉન્માદને જો યોગ્ય દિશા મળે, તો એ પરિણામદાઈ કાર્ય કરે, જે સર્વ જન હિતાય હોય, અને જો યોગ્ય દિશામાં તેનું પદાર્પણ ન થાય તો એ પતનના માર્ગે જાય, અને આગળ જતાં પોતાનું તથા અન્યનું પણ પતન કરી શકે, અને અન્યના પતનનું વિચારવું એ પાપ છે. આજે ફાગણ વદ અગિયારસ છે, આ અગિયારસને પાપમોચીની અગિયારસ કહેવામાં આવે છે. આ અગિયારસ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. સદીઓ પહેલા માંધાતા નામનો એક રાજા થઈ ગયો અને રાજા એ સમયના ઋષિ એવા લોમેશ ઋષિને તે પૂછે છે, કે હે ઋષિવર જાણે અજાણે થતા પાપ કર્મમાંથી મુક્તિ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? જવાબમાં ઋષિ તેને જણાવે છે કે સદીઓ પૂર્વે ચૈત્રરથ નામના વનમાં કિન્નરો અને ગંધર્વ કન્યાઓ કિંકરો સાથે પોતાના વાદ્ય ને બાંધીને વીણા વગાડીને આ વનમાં વિહાર કરતા અને નૈસર્ગિક આનંદ પ્રાપ્ત કરતા. ઘણી વાર અપ્સરાઓ પણ આ વનમાં વિહાર કરવા આવતી હતી. આ વનમાં રહીને મુનિવર મેધાવી પોતાની સાધના માટે તપ કરી રહ્યા હતાં, અને તેઓ પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. આ વનમાં મંજુઘોષા નામની એક અપ્સરા મેધાવી મુનિ તરફ આકર્ષિત થઈને આવી. પરંતુ એના તપના તેજ આગળ તે એની અત્યંત નજીક જઈ શકી નહીં, અને થોડી દૂર રહી કે પોતાના વાદ્ય સંગીતથી મુનિને આકર્ષિત કરવા કોશિશ કરી રહી હતી. ઘણો લાંબો સમય સુધી તેણે પોતાના ગીત સંગીતથી મુનિને પ્રભાવિત કરવાની કોશિશ કરી અને એક દિવસ સાચે જ મુનિવાર તેની પાસે આવ્યાં અને તેનું રૂપ જોઈ અકારણ મોહિત થઈ ગયાં. મુનીવરનું બ્રહ્મચર્ય તૂટ્યું! એક દિવસ મંજુઘોષા એ કહ્યું કે હે વિપ્ર વર હવે મને મારા લોકમાં જવું છે. મુનિએ કહ્યું કે સવારની સંધ્યા પૂજા થઈ જાય ત્યાં સુધી રોકાઈ જા, એણે કહ્યું કે એવી તો કેટલી એ સંધ્યાઓ ચાલી ગઈ, અને તમારું ધ્યાન આજે ગયું? ત્યારે મેધાવી ઋષિ ચોકી ગયાં, અને તેણે હિસાબ લગાવ્યો તો ૫૭ વર્ષ સુધી તેમણે તેની સાથે વિહાર કર્યો હતો! એણે કહ્યું હે પાપિણી! તે મારી વર્ષોની સાધના બાળી નાખી, તે મારાં કર્યા કારવ્યા પર પાણી ફેરવી દીધું. ભૂલ પોતાની હતી, અને છતાં તેણે એ અપ્સરા ને પિશાચ લોકમાં જવાનો શ્રાપ આપ્યો. અપ્સરાએ તેના પગે પડીને માફી માંગી ત્યારે એણે તેને આ પાપ માંથી છૂટવા પાપ મોચીની એકાદશીનું વ્રત કરવા કહ્યું. પાપ મોચીની અગિયારસે પોતાનું વ્રત કરીને પાપમાંથી મુક્તિ મેળવે છે.

સાંપ્રત સમયમાં તો પાપ પુણ્યની કોઈ સ્પષ્ટ વિભીશિકા થઈ શકે તેમ નથી કે, આ પાપ! અને આ પુન્ય,! કારણ કે દરેકના ચરિત્ર કોઈને કોઈ રીતે ખંડિત થયા છે. સમાજમાં જે કંઈ કર્મ થઈ રહ્યું છે, એ પણ શુદ્ધ આશયથી થતું નથી, ક્યાંક દંભ છે, ક્યાંક છલ છે, તો ક્યાંક પદ પ્રતિષ્ઠાનો મોહ છે, ક્યાંક અહમ છે, તો ક્યાંક દેખાદેખી, કે ઈર્ષા નિંદા છે. આ બધા જ અસુર વૃત્તિના ભાવે આપણને ક્યારે માનવ માંથી દાનવ બનાવી દે છે, એની ખુદ આપણને પણ ખબર રહેતી નથી, અને ન કરવાનું ઘણીવાર થઈ જતું હોય છે. જોકે મોટે ભાગે જાણતા હોવા છતાં પણ થાય છે, કારણ કે આજનો સમાજ વિકૃત આનંદનો પણ આદિ થતો જાય છે. એટલે કે કોઈ પરેશાન થાય, કોઈ પીડિત થાય, કોઈને અસહાય કરીને,કે કોઈની બેબસી જોઈને એને આનંદ આવે છે અને આને વિકૃત આનંદ કહેવાય. પોતાનું દુઃખ તો માણસ સહન કરી લે છે પણ અન્યનું સુખ તેનાથી સહન થતું નથી અને એને કારણે સતત સ્પર્ધા, ઈર્ષા, નિંદા, જેવા અસુરી ભાવો માનવી પર કબ્જો કરીને બેઠા છે, અને એને કારણે પ્રકૃતિ વિરુદ્ધ એટલે માનવતા વિહિન કર્મ કરતાં પણ અચકાતો નથી, જે બધા પાપ છે.

બાપુ એ એકવાર કથામાં કર્મના ચાર પ્રકાર વિશે વાત કરી હતી, જેને થોડા ચિંતન સાથે જોઈએ. કર્તવ્ય કર્મ, સુકર્મ, વિકર્મ, અને કુકર્મ! વ્યક્તિ પોતાની માટે થઈને જે કંઈ કરે તેને ક્રિયા કહેવાય, એક રીતે દરેક પ્રકારના કર્મ એ ક્રિયાનું જ બહુરૂપ કે અનન્ય રૂપ છે, કારણ કે એ પણ અંતે તો એક પ્રકારની ક્રિયા જ છે, પણ તે છતાં એને વિભાજિત કરીએ તો પોતાના પરિવારના ભરણપોષણ કે રક્ષણ માટે કરે તેને કર્તવ્ય કર્મ કહેવાય, સમાજનું દાયિત્વ સ્વીકારીને જે કંઈ થાય તેને સુકર્મ કહેવાય, જ્યારે અન્યનું અહિત કરવાના બદ ઈરાદાથી અને પ્રકૃતિ વિરુદ્ધ થતી ક્રિયા એ કુકર્મ કહેવાય! લગભગ આટલી જાણકારીથી આપણે સૌ પરિચિત છીએ. પરંતુ વિકર્મ એટલે એવું કર્મ કે જેમાં આપણને આપણા બુદ્ધ પુરુષ, ઈષ્ટદેવ, કે સદગુરુ ભગવાન પર પણ અસૂયા થાય, એટલે કે મનમાં તેમના માટે કંઈક ખોટો ભાવ આવે!ઃ મોટા મોટા વિદ્વાનો ચિંતકો કે જાગૃત પુરુષો પણ આવી ભૂલ કરતા હોય છે, એટલે કે ક્યારેક પોતાના બુદ્ધ પુરુષ વિશે ખોટો વિચાર આવી જાય કે, આ તો સાવ સામાન્ય માણસ છે, અને એની હું પૂજા કરું છું!! અથવા તો એનાથી તો હું સમર્થ છું, અથવા મારી આટલી લાંબી સાધના પણ એને દેખાતી નથી, અને બીજાઓમાં વ્યસ્ત રહે છે ! એને વધુ મહત્વ આપે છે, મારી સામે જોતા નથી, હું ખોટાં શરણમાં આવી ગયો, વગેરે વગેરે! આ છે વિકર્મ છે. ટૂંકમાં વિકાર પ્રેરક ભાવથી પ્રેરાઇને થતું કર્મ એટલે વિકર્મ! આજે તો બુદ્ધ પુરુષ કે સંત પાસે જઈને પણ વાત વાતમાં માનવી પોતાની નિષ્ઠા ખોઈ બેસે છે, અને એની માટે એને કોઈ મોટા કારણની જરૂર પડતી નથી. મોટેભાગે પોતાનો ઈગો હર્ટ થયો, એટલે કે એને મહત્વ દેવાયું નથી, એવા ભાવથી એ બીજા પાસે દોડી જાય છે, અને જિંદગી આખી આમ અહીંથી અહીંતહીં દોડીને કે ઠોકર ખાય છે. સાચી શરણાગતિ અંત સુધી આવતી નથી, અને તેથી જ દાસ બનવાના લાભ કે ફાયદાથી વંચિત રહી જાય છે.

પૌરાણિક કથાના દ્રષ્ટાંત પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, ગમે તેટલું ભયંકર પાપ થયું હોય, પણ જાગ્યા ત્યારથી સવાર, એમ સમજી અને એમાંથી બહાર નીકળીને પ્રાયશ્ચિત કરવામાં આવે તો, ઈશ્વર ઘણો ઉદાર છે! એ કંઈ આપણા પાપ ગણવા બેઠો નથી, જરૂરથી કૃપા કરે છે, અને એ નહીં કરે તો આપણાં સદગુરુ ભગવાન કૃપા કરશે! અને આપણા આવા પાપહિત કર્મની સજામાંથી બચાવશે! પરંતુ એ માટે પહેલા આપણે એનું પ્રાયશ્ચિત કરવું બહુ જરૂરી છે, એને શરણે પૂર્ણ શરણાગતિથી બેસવું પડે. તો આપણે સૌ આ પાપમોચીની એકાદશી એ ચતુર્ભુજ સ્વરૂપ વિષ્ણુની આરાધના કરવાની છે. પરંતુ ચતુર્ભુજ સ્વરૂપ વિષ્ણુને શોધવા ક્યાં! પૂજ્ય બાપુની જ વાતને દોહરાવીએ કે જે પોતે બે હાથે કમાતો હોય, અને ચાર હાથે વહેંચતો હોય, એ જ આજના સમયમાં ચતુર્ભુજ વિષ્ણુ છે, તો એવા કોઈ સાધુ પુરુષ કે બુદ્ધ પુરુષના આચરણ પર ચાલીને આપણે સૌ આ પાપ મોચીની એકાદશી એ પ્રાયશ્ચિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### હવસખોરોની કરતૂતો અટકતી જ નથીઃ વધુ બે દૂષ્કર્મની ઘટના પોલીસ ચોપડે ચડી

# સિક્યુરીટી સુપરવાઇઝરે સાથી કર્મચારીની પત્નિનો દેહ પીંખ્યો

## બીજી ઘટનામાં સોશિયલ મિડીયાથી મહિલાને ફસાવી, લગ્નની લાલચ આપી, શરીર સંબંધ બાંધ્યા અને છેલ્લે ધમકી દઇ ભાગી ગયો

રાજકોટઃ સગીરાઓ, બાળાઓ, યુવતિઓ, પરણેલી મહિલાઓને હવસખોરીનો શિકાર બનાવવાની ઘટનાઓ અટકતી જ નથી. ઘણીવાર તો વિકૃત ઢગાઓ માસુમ બાળકોને શિકાર બનાવી તેની સાથે પણ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી લેતાં હોય છે. દરમિયાન દૂષ્કર્મના વધુ બે બનાવ સામે આવ્યા છે જેમાં સિક્યુરીટી સુપરવાઇઝરે સાથી કર્મચારીની પત્નિને ફસાવી બળાત્કાર ગુજારી લીધો હતો. તો બીજા બનાવમાં...

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો સુરતના શહેરના સરથાણા વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે રહેતા અને સિક્યુરિટી એજન્સીમાં કામ કરતા યુવકની પત્ની ઘરે હતી. ત્યારે સિક્યુરિટી એજન્સીના સુપરવાઈઝર યુવકને મળવાના બહાને તેના ઘરે આવ્યો હતો. આ દરમિયાન યુવકની પત્નીના ભોળપણનો લાભ ઉઠાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. જેથી બાદમાં પરિણીતાએ પતિને સઘળી હકીકત જણાવતા તેઓએ આ બાબતે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેની સુપરવાઈઝર સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. વધુ માહિતી અનુસાર સરથાણા વિસ્તારમાં રહેતો યુવક સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરે છે અને પોતાની અલગથી સિક્યુરિટી એજન્સી પણ ચલાવે છે. આ દરમિયાન તેની સાથે સુપરવાઇઝર તરીકે કામ કરતા અંકુશ અશોક સિંહ (રહે. સિલ્વર બિઝનેસ હબ, બાપાસીતારામ ચોક પાસે, સરથાણા) અવારનવાર તેના ઘરે મળવા માટે આવતો હતો.



આ દરમિયાન અંકુશને માલુમ પડ્યું હતું કે તેના સાથી મિત્રની પત્નીનો સ્વભાવ ભોળપણ વાળો છે અને તેને વધારે ખબર પડતી નથી. જેથી એક દિવસ સમયગાળા દરમિયાન પરિણીતા ઘરે એકલી હતી, ત્યારે અંકુશ તેના ઘરે આવ્યો હતો. પરિણીતાએ શરૂઆતમાં તેને ઘરમાં આવવા દેવાની ના પાડી હતી, પરંતુ બાદમાં અંકુશે તેના પતિને મળવાનું કહીને ઘરમાં -વેશ કર્યો હતો અને પરિણીતાના ભોળપણનો લાભ ઉઠાવી તેની સાથે બળજબરીથી બળાત્કાર ગુજારી ફરાર થઈ ગયો હતો. જેથી આખરે પરિણીતાએ આ મામલે પતિને સઘળી હકીકત જણાવતા તેઓએ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનામાં સોશિયલ મિડીયા થકી હવસખોરે યુવતિને ફસાવી લગ્નની લાલચ દઇ દેહ પીંખી નાંખ્યો હતો અને છેલ્લે લગ્ન કરવાની ના પાડી ધમકી દઇ ભાગી ગયો હતો. લવ સેક્સ ઔર ધોખાની વધુ એક ઘટના જોઈએ તો વરાછા વિસ્તારમાં રહેતા યુવકે સોશિયલ મીડિયા ફેસબુક મારફતે એક મહિલાના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ યુવકે તેને લગ્નની લાલચ આપી અલગ અલગ જગ્યા પર લઈ જઈ તેની સાથે શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહીં પરંતુ બાદમાં લગ્ન કરવાની ના પાડી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આખરે ભોગ બનનાર યુવતીએ આ મામલે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.પોલીસ સુત્રોએ કહ્યું હતું કે વરાછા વિસ્તારમાં આવેલા સીતાનગર પાસે રણુજા ધામ સોસાયટી શેરી નંબર ૬-૭માં રહેતા સંદીપ કનેરિયા સામે મહિલાએ લસકાણા પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. લસકાણા વિસ્તારમાં રહેતી મહિલા સોશિયલ મીડિયા ફેસબુક મારફતે સંદીપ કનેરિયાના સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ સંદીપએ તેમને સાથે મિત્રતા કરી અવારનવાર મળવા માટે બોલાવી હતી. આ દરમિયાન મહિલા ઘરે એકવાર એકલી હતી, ત્યારે સંદીપ કનેરિયા તેના ઘરે આવ્યો હતો અને એકલતાનો લાભ ઉઠાવી મહિલાની મરજી ન હોવા છતાં પણ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો. બાદમાં ત્યક્તાને સાપુતારા ફરવા જવાના બહાને લઈ ગયા બાદ રસ્તામાં આશ્રમ ખાતે પણ શારીરિક સંબંધ બાંધ્યો હતો અને ત્યાર બાદ અવારનવાર તેની સાથે શારીરિક સંબંધો બાંધી સમય પસાર કર્યો હતો. પરંતુ બાદમાં યુવતીએ લગ્ન માટે જણાવતા સંદીપે લગ્ન માટે ના પાડી દઈ તેને તરછોડી દીધી હતી. એટલું જ નહીં પરંતુ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી આખરે ભોગ બનનાર ત્યક્તાએ આ મામલે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સંદીપ કનેરિયા સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આમ વધુ બે લેભાગુઓએ લખણ ઝળકાવતાં પોલીસે બળાત્કારના ગુના દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# છેલ્લા અઢી વર્ષમાં ગુજરાત પોલીસે ૩૦ થી વધુ દરોડા પાડી ડ્રગ્સનો જથ્થો પકડ્યો

## મોટા-મોટા ડ્રગ્સ કાર્ટેલ્સ આવ્યા ઝપટમાં : ૩૯૭ આરોપીઓની કરાઈ ધરપકડ

રાજકોટ, તા. ૨૪.

ગુજરાત પોલીસે છેલ્લા અઢી વર્ષમાં અલગ અલગ રાજ્યોમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના મોટા જથ્થા પકડ્યા છે તેમ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ડ્રગ્સના પકડાયેલા જથ્થા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડીને એક પછી એક મોટા-મોટા ડ્રગ્સ કાર્ટેલ્સ પકડી પાડ્યા છે અને ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસે તેની સાથે જ ડ્રગ્સ પકડી પાડવાની નેમ સાથે ખૂબ જ સક્રિયતાથી ગુજરાત પોલીસ કામ કરી રહી છે. ગુજરાતમાં અનેક દરોડા પાડી ડ્રગ્સ પકડ્યાની સાથે સાથે ગુજરાત પોલીસે છેલ્લા વર્ષમાં અન્ય અલગ અલગ રાજ્યમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના જથ્થા પકડ્યા છે.



મંત્રીએ ભરૂચ અને સુરત જિલ્લામાં તા.૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલા ડ્રગ્સ/ નશીલા પદાર્થના પકડાયેલા જથ્થા અંગે કહ્યું કે, ભરૂચ અને સુરત જિલ્લામાં બે વર્ષમાં ગાંજો, મેફેડ્રોન, ચરસ, અફીણ, માદક પદાર્થના રો મટીરિયલ, એલ.એસ.ડી, સીરપ, પોસ ડોડા, પેન્ટાઝોસિલ સહિતના અલગ અલગ પ્રકારના ડ્રગ્સ/ નશીલા પદાર્થોનો કરોડો રૂપિયાના મુદ્દામાલનો જથ્થો પકડી પાડવામાં પોલીસ સફળ રહી છે. જેમાં ૩૯૭ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે, જ્યારે પકડવામાં બાકી ૧૦૦ આરોપીઓની બાતમીદારો તથા ટેકનિકલ સપોર્ટ આધારે ધરપકડ કરવા માટે તજવીજ ચાલી રહી છે. એટલું જ નહીં, આ આરોપીઓ પૈકી કેટલાક અન્ય રાજ્યોની જેલમાં તો કેટલાક અન્ય દેશોમાં પણ હોય છે, તેમણે લાડવા પણ જરૂરી કાર્યવાહી ચાલી રહી છે.

# નવ મિલકત સીલ કરતા વેરા આવક ૭૪.૮૦ લાખે પહોંચી

## ૪૧૦ કરોડના ટાર્ગેટ સામે હાલ વેરા વસુલાત વિભાગ ૩૯૮ કરોડને પાર

રાજકોટ, તા. ૨૪

માર્ચ મહિનો પૂરો થવાને આડે હવે છ દિવસ જ બાકી છે ત્યારે કહી શકાય કે મહાનગરપાલિકા નું વેરા વસુલાત વિભાગ પોતાના લક્ષ્યાંકને નજીક પહોંચી ગયું છે મળતી માહિતી મુજબ હાલ જે ૪૧૦ કરોડનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો તેની સામે મહાનગરપાલિકા ૩૯૮ કરોડે. પહોંચી ગયું છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે પણ વેરા વસુલાત વિભાગ દ્વારા રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં કુલ નવ મિલકતોને સીલ કરવામાં આવી અને ૨૧ મિલકતો પાસેથી રિકવરી થયેલી છે અને ગઈકાલે કુલ રિકવરીનો આંકડો ૭૪.૮૦ લાખે પહોંચ્યો છે.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર સાતમાં આવેલા ધર્મેન્દ્ર રોડ પર શિગાળા ચેમ્બરમાં બે મિલકતને સીલ કરવામાં આવી હતી એવી જ રીતે કડિયા નવા લાઇનમાં યુનિટને સીલની કાર્યવાહી કરાતા ૬૮,૦૦૦ની રિકવરી થઈ હતી ત્યારે એવી જ રીતે કડિયા નવાલાઈનમાં એક મિલકતને સીલ કરવામાં આવી જ્યારે અન્ય મિલકત પાસેથી ૯૯ હજાર રૂપિયા વસૂલવામાં આવ્યા હતા.

સાથે આજ વિસ્તારમાં ૭૪,૫૦૦ ની પણ વધુ રિકવરી થઈ હતી. વેરા વસૂલાત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રઘુવીર પરામાં આવેલા જલારામ કોમ્પ્લેક્સ માં પણ ૫૬,૫૦૦ ની રિકવરી થઈ જ્યારે રઘુવીરપરામાં આવેલા ઉષભ કોમર્શિયલ કોમ્પ્લેક્સ માં એક મિલકતને સીલ કરવામાં આવી હતી. વાત કરવામાં આવે વોર્ડ નંબર ૧૩ ની તો ઉમાકાંત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટને સીલ કરવામાં આવતાની સાથે જ ૨૫૦૦૦ રૂપિયાની રિકવરી થઈ તો ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં એક મિલકત પાસેથી ૯૯ હજાર રૂપિયા ની પણ રિકવરી થઈ હતી. આનંદનગર કોલોનીમાં આવેલા હરિકૃષ્ણ કોમ્પ્લેક્સ માં બે મિલકતોને સીલ કરવામાં આવી હતી. એ જ રીતે કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા હર ભોલે ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક મિલકત પાસેથી ૪૦ હજાર જ્યારે અન્ય એક મિલકત પાસેથી ૭૦ હજાર રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. એસી ફૂટ રોડ ઉપર આવેલા હરિઓમ સોસાયટીમાં સીતારામ એન્ટરપ્રાઇઝ પાછળ પાંચ યુનિટ સામે સીલની કાર્યવાહી કરાતા દોઢ લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા.

બીજી તરફ કોઠારીયામાં આવેલી સ્વાતિ પાર્ક રોડ બજરંગ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૭૦,૦૦૦ ની રિકવરી થઈ એવી જ રીતે કોઠારીયા રોડ ઉપર એક યુનિટને સીલ કરવામાં આવ્યું હતું તો બીજી તરફ ગોંડલ રોડ પર આવેલા એક યુનિટ ને સીલ કરવાની કામગીરી હાથ ધરાવતા ૧.૧૫ લાખનો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો.

બીજી તરફ સોમનાથ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૮૩,૪૬૦ ની રિકવરી જ્યારે કોઠારીયા રોડ પર આવેલા બે યુનિટ સામે ૬૦,૦૦૦ ની રિકવરી થઈ હતી. વેરા વસુલાત વિભાગની કુલ આવક હાલ ૩૯૮.૮૨ કરોડ એ પહોંચી ગઈ છે હવે કહી શકાય કે માત્ર ૧૧ કરોડ દૂર લક્ષ્યાંક છે તેને કઈ રીતે મહાનગરપાલિકા પહોંચે છે તે હવે જોવાનું રહ્યું.

### અપમૃત્યુની અલગ અલગ ચાર ઘટનાઓ સ્વજનોને કારમો આઘાત આપી ગઇ

# યુવાનનું વાહન અકસ્માતમાં મોતઃ બીજા યુવાનનું ડેમમાં ડૂબતાં મોત

## ત્રીજા બનાવમાં ગૂમ થયેલા પ્રૌઢની વાવડી પાસે લાશ મળી આવતાં અરેરાટીઃ ચોથા બનાવમાં મહિલાનું બેભાન હાલતમાં મોથ થયું

રાજકોટઃ વાહન અકસ્માતની વધુ એક ઘટના જીવલેણ નિવડી છે. જેમાં એક યુવાન અને તેના મિત્ર મોટર સાઇકલ પર બેસીને આવી રહ્યા હતાં ત્યારે વાહન સ્લીપ થઇ જતાં બંને ફંગોળાઇ ગયા હતાં. જેમાં એકનું મોત થયું હતું. બીજી એક ઘટનામાં ખાનગી હોસ્પિટલમાં રેડીયોલોજીસ્ટ વિભાગમાં ફરજ બજાવતાં યુવાનનું ન્યારી ડેમમાં ડુબી જવાથી મૃત્યુ થયુ હતું. બાઇક સ્લીપ થઇ જવાની ઘટનામાં એક યુવાનનો જીવ ગયો અને તેની સાથેના મિત્રનો ચમત્કારીક બચાવ થયો હતો. આ બંને સિંધી સમાજના કાર્યક્રમમાંથી પરત આવતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. ત્રીજા અપમૃત્યુના બનાવમાં એક વૃધ્ધ મવડી પ્લોટ વિસ્તારમાંથી ત્રણ દિવસ પહેલા ગુમ થયા હતાં. તેમનો મૃતદેહ વાવડી પાસેથી મળી આવતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

ઘટનાઓ પર નજર કરીએ તો જુનાગઢ નજીક વડાલ અને ચોકી વચ્ચે મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં જેતપુરના યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. જ્યારે તેના મિત્રનો નજીવી ઇજા સાથે ચમત્કારીક બચાવ થયો હતો. બંને મિત્રો જુનાગઢ ખાતે સિંધી સમાજના વેલકમ કાર્યક્રમમાં ભાગ લેવા ગયા હતાં. ત્યાંથી પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો. ઘાયલ થયેલા યુવાને રાજકોટની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાં. વધુ માહિતી મુજબ જેતપુર ચાંદની ચોકમાં રહેતો નરેશભાઇ ત્રિકમદાસ માવા નામનો ઓગણચાલીસ વર્ષનો યુવાન આગામી ચેટીંચાંદનો તહેવાર આવી રહ્યો હોઇ ગઇકાલે જુનાગઢ ખાતે સિંધી સમાજ દ્વારા વેલકમ કાર્યક્રમ યોજાયો હોઇ તેમાં ભાગ લેવા માટે ત્યાં ગયો હતો. વળતાં તે પોતાના મિત્રના મોટરસાઇકલમાં બેસીને પરત જેતપુર આવી રહ્યો હતો ત્યારે વડાલ અને ચોકી ગામ વચ્ચેના રસ્તા પર વાહન સ્લીપ થઇ જતાં નરેશભાઇને ગંભીર ઇજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.





પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તેના મિત્રનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇ, કાનાભાઇ સહિતે જેતપુર તાલુકા પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર નરેશભાઇ ત્રણ ભાઇમાં નાનો હતો અને કાપડની મીલમાં નોકરી કરતો હતો. યુવાન દિકારના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

અપમૃત્યુના બીજા બનાવમાં શહેરના ન્યારી ડેમમાં અમદાવાદના અને હાલ સ્ટર્લિંગ હોસ્પિટલમાં રેડિયોલોજીસ્ટ તરીકે નોકરી કરતાં યુવાનનું ડુબી જવાથી મૃત્યુ થયું હતું. અમદાવાદ સ્ટર્લિંગમાં નોકરી કરતો આ યુવાન ચારેક દિવસ પહેલા ડપ્યુટેશન પર રાજકોટની હોસ્પિટલમાં આવ્યો હતો. રવિવારે રજા હોઇ ન્યારી ડેમે આટો મારવા ગયો ત્યારે લપસી પડતાં બનાવ બન્યાની શક્યતા જણાવાઇ હતી.

વધુ માહિતી જોઇએ તો ન્યારી ડેમમાં સાંજે સાડા સાતેક વાગ્યે એક યુવાનની લાશ તરતી હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડના તરવૈયાઓએ પહોંચી બહાર કાઢી હતી. ૧૦૮ના ઈએમટી કવિતાબેને તેને મૃત જાહેર કરતાં તાલુકા પોીસ સ્ટેશનના એએસઆઇ જી. કે. પરમાર સહિતે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતક યુવાન પાસેથી સ્ટર્લિંગ હોસ્પિટલનું આઇકાર્ડ મળતાં તેના આધારે તપાસ શરૂ થતાં આ યુવાન અમદાવાદ રહેતો અને હાલ રાજકોટ સ્ટર્લિંગમાં રેડિયોલોજીસ્ટ વિભાગમાં નોકરી કરતો અરૂણકુમાર સેલ્વરાજ હોવાનું ખુલ્યું હતું. છવ્વીસ વર્ષનો આ યુવાન મુળ તામિલનાડુનો હતો અને અમદાવાદ સ્ટર્લિંગમાં રેડિયોલોજીસ્ટ વિભાગમાં ફરજ બજાવતો હતો. રાજકોટ હોસ્પિટલના ડેપ્યુટેશન પર નોકરી માટે ચારેક દિવસ પહેલા આવ્યો હતો.

પગ લપસી જતાં ન્યારી ડેમમાં પડી ગયાની શક્યતા જણાવાઇ હતી. તેના મૃતદેહને હવાઇ માર્ગે તમિલનાડુ લઇ જવા તજવીજ થઇ હતી. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી. ત્રીજા બનાવમાં મવડી પ્લોટ શ્રીનાથજી સોસાયટી-૧૦માં રહેતાં જયુભા મંગળસિંહ જાડેજા નામના અઠાવન વર્ષના પ્રૌઢ વાવડી રાધેશ્યામ ગૌશાળા નજીક એચપી પંપથી આગળ એંસી ફુટ રોડ પરથી બેભાન માળતાં ૧૦૮ બોલાવાઇ હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. તાલુકા પોલીસ મથકના પીએસઆઇ એલ. બી. ડીંડોર, કિરીટભાઇ રામાવતે સહિતે કાર્યવાહી કરી હતી. મૃતક જયુભા જાડેજાને ગત એકવીસમી તારીખે ઘરેથી નીકળી જતાં શોધખોળ થઇ રહી હતી. દરમિયાન ગઇકાલે તેમની લાશ મળી હતી. અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળ્યાની તપાસ બાદ આ વૃધ્ધની ઓળખ થઇ હતી અને તે ગુમ થયેલા જયુભા જાડેજા હોવાનું ખુલતાં તેમના સગાને જાણ કરાઇ હતી.

અકસ્માત નડ્યો હોઇ એ પછી તેમને ભુલી જવાની બિમારી લાગુ પડી હતી.

આ બિમારીને કારણે ઘરેથી નીકળી ગયા બાદ મૃત્યુ થયું હતું. મૃતકના પુત્ર એસીપીના દક્ષિણના સ્ટાફમા ફરજ બજાવે છે. બનાવથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

ચોથા બનાવમાં મવડી ફાયર બ્રિગેડ પાસે અમરનગર-૧માં રહેતાં ધર્મિષ્ઠાબેન મનોજભાઇ સોલંકી નામના છત્રીસ વર્ષના મહિલાને આંચકીની બિમારી હોઇ સાંજે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

મૃત્યુ પામનારને સંતાનમાં એક પુત્ર છે. પતિ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. આ બનાવોને પગલે પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

### ચોરટાઓએ વધુ બે કરતુતોથી પોલીસને પડકાર ફેંક્યોઃ એકમાં રોકડ ગઇ, બીજામાં ગયો મોબાઇલ

# વેપારીની નજર ચુકવી રિક્ષાવાળો થડામાંથી રોકડ રકમ બઠ્ઠાવી ગયો

## સીસીટીવી કેમેરામાં ઘટના કેદ થઇઃ ગુરૂપ્રસાદ ચોક અને કેકેવી હોલ નજીક રેસ્ટોરન્ટમાં બનાવઃ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટઃ નજર હટી દુર્ઘટના ઘટીની જેમ અમુક :ઉઠાવગીરો એટલા ચપળ હોય છે કે તે પળવામાં કોઇની નજર ચુકવી હાથફેરો કરી ભાગી જતાં હોય છે. ચોરીની ઘટનાઓ રોજબરોજ શહેરમાં બનતી રહે છે. અવાર-નવાર ચોર ગઠીયાઓ આ રીતે લોકોની ચીજવસ્તુ ચોરીને ભાગી જાય છે. ઘણીવાર આવી ઘટનાઓ સીસીટીવી કેમેરામાં કેદ થતી હોય છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં શહેરના ગુરૂપ્રસાદ ચોકમાં ફરસાણની દુકાને ગ્રાહક બનીને આવેલો રિક્ષાચાલક વેપારી અંદર કામમાં હોઇ થડામાંથી રોકડ ચોરી છુ થઇ ગયો હતો. તેની આ ચોરી કેમેરામાં કેદ થઇ ગઇ હતી. અન્ય એક ઘટનામાં રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા યુવાન જમી લીધા બાદ હાથ ધોવા ગયા અને પાછા આવ્યા ત્યાં સુધીમાં ટેબલ પરથી તેનો મોબાઇલ ફોન ગાયબ થઇ ગયો હતો.



વિગતો પર નજર કરીએ તો ચોરીનો પ્રથમ બનાવ ગુરૂપ્રસાદ ચોકમાં આવેલી ફરસાણની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલો રિક્ષાચાલક વેપારી અંદર કામમાં હોઇ થડામાંથી રોકડ ચોરી ભાગી ગયો હતો. ગોકુલધામ સોસાયટી કલ્પના નામના મકાનમાં બ્લોક નં. ૧૯૨માં ભાડેથી રહેતાં અને ગુરૂપ્રસાદ ચોકમાં સિતારામ ડેરી સામે બાલાજી ભવાની ફરસાણ નામે દુકાન ચાલવતાં ચોત્રીસ વર્ષના વિશાલભાઇ નિતીનભાઇ ચંદારાણા નામના વેપારી યુવાને માલવીયાનગર પોલીસમાં ચોરીની ફરિયાદ દાખલ કરાવી છે. વિશાલભાઇના કહેવા મુજબ ૨૩મીએ હું મારી દુકાને હતો.

સાંજે છએક વાગ્યે એક ઓટો રિક્ષાાવાળો દુકાને ગ્રાહક તરીકે આવ્યોહ તો. હું અંદર માલસામાન ગોઠવતો હતો ત્યારે તેને ઉભા રહેવાનું કહેતાં તે દુકાનના થડા સામે ઉભો હતો. હું મારો કામ પતાવી આવ્યો ત્યારે એ માણસ હાજર નહોતો. ત્યારે થડાની પેટીનું ખાનુ ખુલ્લુ જોવા મળ્યું હતું. તેમાંથી રૂા. પાંચ હજાર રોકડા ગાયબ હતાં. ગ્રાહક તરીકે આવેલો આ રિક્ષાચાલક તેની રિક્ષા લઇ ભાગી ગયો હતો. સીસીટીવી કેમેરામાં ફુટેજ ચેક કરતાં તે રોકડ ચોરી કરતો જોવા મળ્યો હતો. આ ઘટના બાદ મેં ઘરમેળે તપાસ કર્યા બાદ પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં વિશાલભાઇએ કહેતાં માલવીયાનગરના એએસઆઇ એચ. ટી. પરમારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફુટેજ મળી ગયા હોઇ તેના આધારે તપાસ શરૂ થતાં શકમંદને પોલીસે શોધી કાઢ્યો છે અને વિશેષ તપાસ શરૂ કરી છે.

ચોરીનો બીજો બનાવ દોઢસો ફુટ રીંગ રોડ પર કેકેવી હોલથી ઇન્દિરા સર્કલ વચ્ચે બન્યો છે. વિગતો સાણંદમાં જી.બી. રોડ દેવવિહાર એપાર્ટમેન્ટમાં રહેતાં અને કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતાં દિપેશભાઇ હરસુખભાઇ પીઠડીયાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે. આ યુવાન ૨૩મીએ રાજકોટ કામ માટે આવ્યો હોઇ દોઢસો ફુટ રીંગ રોડ પર કેકેવી હોલથી ઇન્દિરા સર્કલ વચ્ચે સાંઝા ચુલ્હા રેસ્ટોરન્ટ ખાતે જવમ ગયો હતો. ત્યાં ટેબલ પર મોબાઇલ ફોન રાખ્યો હતો. જમીને હાથ ધોવા ગયો અને પરત આવ્યો ત્યાં રૂપિયા ૨૧૫૧૮ની કિંમતનો ઓપ્પો કંપનીનો તેનો મોબાઇલ ગાયબ હતો. કોઇ ટેબલ પરથી આ ફોન ચોરી ગયું હોઇ ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પીએસઆઇ પી. બી. પટેલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ પ્રકારની ઘટનાઓ અવાર-નવાર બનતી હોય છે. જો કે મોટા ભાગની આવી ઘટનાઓ તીસરી આંખમાં એટલે કે સીસીટીવી કેમેરાઓમાં કેદ થઇ જતી હોય છે અને ચોર પકડાઇ જતાં હોય છે.

# લોધીકા તાલુકાની ૧૨ ગ્રામપંચાયતને ટી.બી મુક્ત ગ્રામપંચાયત એવોર્ડ

## તાલુકા હેલ્થ ઓફિસરના અધ્યક્ષસ્થાને યોજાયો કાર્યક્રમ



રાજકોટ મિરર, ખીરસરા(રણમલ) તા.૨૪

ટી.બી મુક્ત ગ્રામ્ય પંચાયત ૨૦૨૪ ચાંદલી, દેવગામ, ધુ.દોમડા, હરીપર, તરવડા, જસવંતપુર, જેતાકુબા, કોઠાપીપળિયા, નાઘુ પીપળીયા, પીપળીયા, પાળ, રાતૈયા, સાંગણવા તેમજ વિરવા સહિતની ગ્રામપંચાયત ને ટી.બી મુક્ત ગ્રામપંચાયત તરીકેનો એવોર્ડ સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

તાલુકા હેલ્થ ઓફિસર લોધિકા ડો. એ. અસ્થાનાના અધ્યક્ષ સ્થાને એવોર્ડ સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં લોધીકા તાલુકા વિકાસ અધિકારી પી.આર.સીંધવ, નાયબ ટી.ડી.ઓ. ગણાત્રા, ટી.બી.મુક્ત ગ્રામ પંચાયતના સરપંચો, તલાટી મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લોધીકા તાલુકા ભાજપ પ્રમુખ ડો. પ્રકાશભાઈ વીરડા, લોધીકા તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ તાલુકા ભાજપ મહામંત્રી મોહનભાઈ ખુટ, લોધીકા તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન વતી રેખાબેન પરમાર, અન્ય તાલુકા પંચાયત સભ્યો હાજર રહ્યા હતા. અધિકારીઓ, પદાધિકારીઓના હસ્તે ટીબી મુક્ત ગ્રામપંચાયત તલાટી મંત્રીઓ સરપંચોને એવોર્ડ સર્ટિફિકેટ અપાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે લોધીકા તાલુકાના સીનીયર ટીબી સુપરવાઈઝર હાર્દિકભાઈ પંડ્યા, કો.હે. ઓફીસર ઉદયભાઈ જોષી કો.હે.ઓફીસર વિનેશભાઇએ જહેમત ઉઠાવી હતી. (ફોટો : ભીખુપરી ગોસાઇ)

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૪ શાળાઓનો યોજાયો ત્રિદિવસીય કલાર્પણમ કાર્યક્રમ

## ૬૮૭ બાળકો અને શિક્ષકોએ ૨૬ કૃતિ રજુ ઉપસ્થિતોના દિલ જીત્યા



રાજકોટ મિરર, તા.૨૪

શહેરની શિક્ષણ સમિતિની ઈસ્ટ ઝોનની કુલ ૨૪ શાળાઓમાંથી ૨૬ વિવિધ પ્રકારની કૃતિઓ રજૂ કરવામાં આવેલ. જેમાં ૬૮૭ બાળકો અને ૧૬ શિક્ષકો પોતાની કલાકૃતિથી ઉપસ્થિત મહાનુભાવોના મનમોહિ લીધેલ હતા.

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ત્રીદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ ‘‘કલાર્પણમ‘‘નું આયોજન તારીખ ૨૨, ૨૩, અને ૨૪ માર્ચ ૨૦૨૫ દરમ્યાન સાંજે ૫ થી ૯, શ્રી મહાત્મા ગાંધી મ્યુઝિયમ (આલ્ફ્રેડ હાઇસ્કુલ), જયુબેલી બાગ પાસે કરાયું હતું.

ચેરમેન વિક્રમ પુજારાએ જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં બાળકો દ્વારા તા. ૨૨/૦૩/૨૫ ના રોજ દેશભક્તિ, ધાર્મિક, ઐતિહાસિક પ્રસંગો, વીર શહીદોના પાત્રો, અલગ અલગ રાજ્યોની પરંપરાઓ, માં નો ગરબો, કાર્ટુન થીમ જેવી વિવિધ પ્રકારની ૨૬ કૃતિઓ રજુ કરવામાં આવેલ હતી. દરેક કૃતિઓ માટે તેની થીમ બેઝ આધારિત કોસ્ચ્યુમથી સજ્જ બાળકોએ ઉપસ્થીક સૌ કોઈ લોકોના મન મોહી લીધેલ હતા. સાથો સાથ શિક્ષણ સમિતિના શિક્ષક બહેનો દ્વારા પણ પરંપરાગત પહેરવેશ સાથે ગરબાની કૃતિ રજુ કરાઈ હતી.

ઈસ્ટ ઝોનના ૬૮૭ બાળકો અને ૧૬ શિક્ષકો પોતાની વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરેલ. જેમાં ગુજરાત રાજ્યના સાંસદ પુરષોતમભાઈ રૂપાલા, મંત્રી કુવરજીભાઈ બાવળીયા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શીતાબેન શાહ, રાજકોટ શહેર પ્રથમ નાગરિક મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, રાજકોટ મહાનગરપાલિકા શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, કમિશનર તુષાર સુમેરા ૮૩, રાજકોટ શહેર પ્રભારી પ્રકાશભાઈ સોની, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા,

શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મુકેશભાઈ દોશી, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ પૂર્વ ચેરમેન લાભુભાઈ ખીમાણીયા(આહીર), નરેન્દ્રસિંહ ઠાકુર, શહેર ભાજપના આગેવાન ઘનશ્યામભાઈ હેરભા, ડો. ડી. કે. શાહ, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ ડો. ચેતનભાઈ લાલચેતા, મહેશભાઈ રાઠોડ, રાજકોટ શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ઘરોડીયા, કિશોરભાઈ રાઠોડ, કંચનબેન સિદ્ધપુરા, લીતભાઈ વાડોલીયા, કિરણબેન માંકડીયા, કિશોરભાઈ મૂંગલપરા, નરેન્દ્રભાઈ દવે, રમેશભાઈ પરમાર, રસીલાબેન સાકરિયા, નરેન્દ્રભાઈ સોલંકી, કંકુબેન ઉઘરેજા, દિલીપભાઈ લુણાગરિયા, મંજુબેન કુંગસીયા, જે. ડી. ભાકર, રસિકભાઈ પટેલ, કાનાભાઈ દડુંડ્યા, પરેશભાઈ લીંબાસીયા, અંકીતભાઈ દુધાત્રા, હસુભાઈ કાચા, બાબુભાઈ માટીયા, મનીષભાઈ ભટ્ટ, રાજુભાઈ ભંડેરી, દીપકભાઈ પટેલ, ડો. નવલશંકર શીલુ તથા વોર્ડના આગેવાનો અને સમાજના શ્રેષ્ઠીઓ બહોળા પ્રમાણમાં ઉપસ્થીત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કરેલ હતો. કાર્યક્રમમાં બાળકોની કલાકૃતિ નિહાળી ઉપસ્થિત મહાનુભાવો ભાવવિભોર થયેલ.

કાર્યક્રમને તમામ મોરચે સફળ બનાવવા ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવીણભાઈ નિમાવત, શાસનાધિકારી કિરીટસિંહ પરમાર અને શિક્ષણ સમિતિના તમામ સદસ્યના માર્ગદશન હેઠળ શિક્ષણ સમિતિ પરીવાર, યુ.આર.સી., સી.આર.સી., શાળાના આચાર્ય ઓ, કાર્યક્રમ ઈન્ચાર્જ હિતેન્દ્રસિંહ જાડેજા અને શાળા પરીવાર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ગંજીવાડા-પંચનાથ પ્લોટમાંથી દારૂની ૧૯ બોટલ સાથે ૩ ઝડપાયા

## રૂ.૯૦, ૪૨૩નો મુદ્દામાલ કબ્જે કરતી પ્ર.નગર અને પી.સી.બી. પોલીસ, જુગાર દરોડામાં પાંચ ઝડપાયા : ખેડૂતને મારી નાખવાની ધમકી આપતા બે બાળકો

રાજકોટ મિરર તા.૨૪

શહેરના જુદાજુદા બે દરોડામાં પોલીસે દારૂની ૧૯ બોટલ સાથે ત્રણ શખ્શોને ઝડપી રૂ.૯૦, ૪૨૩નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

શહેરમાંપીસીબી પોલીસના કોન્સ. વાલજીભાઈ જાડા, હેડ. કોન્સ. કિરતસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન લોઠડા મેઈન રોડ પર શુભ ચોકડી નજીક આવતા બાતમી મળી હતી કે લોઠડા મેઈન રોડ શુભ હોટલની સામે રોડ પર નંબર પ્લેટ વગરના બાઇકમાં વિદેશી દારૂ ભરેલો છે.

આવી બાતમી મળતા પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસ કરતા ત્યાંથી ગંજીવાડા મેઈન રોડ શેરી નંબર ૩૦ માં રહેતો સદામ ઉર્ફે મસ્તાન મહેબૂબ ભાઈ ભુવરને શંકાસ્પદ હાલતમાં જોઇને પૂછપરછ કરતા તેમની પાસેથી વિદેશી દારૂની ૧૮ બોટલ મળી હતી.

પોલીસે દારૂ, બાઈક સહિત રૂ.૬૦, ૨૨૩ના મુદ્દામાલ સાથે તેમની અટક કરી આજીડેમ પોલીસ મથકમાં ગુન્હો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં પ્ર. નગર પોલીસના કોન્સ. ચાપરાજભાઈ ખવડ, તોફીકભાઈ મંધરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન પંચનાથ પ્લોટ શેરી નંબર ૧૬ ના ખૂણા પાસે પહોંચતા બાતમી મળી હતી કે એક જીજે ૦૩ કે.એફ. ૦૫૪૩ નંબરના બાઈકમાં બે શખ્શો વિદેશી દારૂની બોટલ સાથે ઉભા છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચતા ત્યાંથી કાશી વિશ્વનાથ પ્લોટ, સુર્યા એપાર્ટમેન્ટ, શેરી નંબર ૮માં રહેતો ક્રીશભગત વિશ્વકર્મા અને કાશી વિશ્વનાથ પ્લોટ, શ્રી હરિ એપાર્ટમેન્ટ, શેરી નંબર ૨ માં રહેતો વિનોદ ભરત વિશ્વકર્મા દારૂની એક બોટલ અને બાઈક મળી રૂ. ૩૦,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.

### જુગાર રમતા ૫ ઝડપાયા

ધોરાજીના નાગનાથ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૫ શખ્શોને પોલીસે રૂ.૧૦,૧૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જેમાં અશ્વિન આલા રાઠોડ, ગોપાલ કારા ચૌહાણ, જગદીશ બંશી ચાવડા, વીરજી રામા બગડા તેમજ જામકંડોરણા તાલુકાના રાધેલ ગામે રહેતા અરજણ નાથા ચાવડાનો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### ખેડૂતને ધમકી

ગોંડલ તાલુકાના બંધીયા ગામમાં રહેતા દિનેશભાઈ હીરાભાઈ રાઠોડએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ ખેતી કામ કરી પોતાનું ગુજરાત ચલાવે છે. ગત તા. ૨૨/૦૩/૨૦૨૫ના બંધિયા ગામથી શિશક જતા રોડ પર વાડીએ હતા ત્યારે કપાસની સાઠીયુ ઉપાડતા હતા ત્યારે સાંજના પાંચ વાગ્યા આસપાસ બે છોકરાઓ બાઈક લઈને વાડી માંથી નીકળ્યા અને વાળીના પાણી પાવવા માટેની પ્લાસ્ટિકના પાઇપલાઇન ઉપર બાઈક ચલાવતા પ્લાસ્ટિકની પાઇપલાઇન ફાટી ગઈ હતી. આ તકે બાળકોને ઠપકો આપતા બાળકોએ હુમલાનો પ્રયાસ કરી મારી નાખવાની ધમકી આપી હોવાની ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

# ટેકાના ભાવે ઘઉંની ખરીદીની મુદ્દ્ત વધારાઈ

## હવે ૫ એપ્રિલ સુધી સરકાર ખરીદશે ઘઉં, મહત્તમ ખેડૂતોએ લાભ લેવા અનુરોધ

રાજકોટ મિરર, તા.૨૪

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-’૨૬ માટે ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવ રૂ. ૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે, તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.ને નોડલ એજન્સી‘‘ તરીકે નિયુક્ત કરી તા. ૧૭ માર્ચ, ૨૦૨૫થી ઘઉંની ખરીદી હાથ ધરવામાં આવી છે, જેની નોંધણીની મુદત વધારીને ૫ એપ્રિલ સુધીની કરવામાં આવી છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઇચ્છતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે ગત તા. ૦૧ જાન્યુઆરીથી ગત તા. ૧૬ માર્ચ સુધી હાથ ધરવામાં આવી હતી, જેની સમયમર્યાદા વધારીને તા. ૦૫ એપ્રિલ સુધીની કરવામાં આવી છે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તો ઓનલાઇન નોંધણી ફરજીયાત હોવાથી સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા અનુરોધ છે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ ૮/અ તેમજ પાકની વાવણી અંગે એન્ટ્રી ૭/૧૨ કે ૮/અમાં ન થઈ હોય તો તલાટીના સહી-સિક્કાવાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત, બેંક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલા ખેડૂતોને એસ.એમ.એસ. મારફતે ખરીદી અંગે જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ / ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ નહીં કરવામાં આવે.

નોંધણી બાબતે કોઇ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડની યાદીમાં જણાવાયું છે.

# બજરંગ વાડીનો મોહીન મોટાણી પાસા તળે સુરત જેલમાં ધકેલાયો

## માલવિયાનગર પોલીસે તૈયાર કરેલી પાસાની દરખાસ્તને મંજુર કરતા પોલીસ કમિશનર ઝા



રાજકોટ મિરર, તા ૨૪

શહેરના બજરંગવાડી વિસ્તારમાં રહેતા અને અનેક ગુનાઓમાં સંકળાયેલા મોહીન યાકુબ મોટાણીને માલવિયાનગર પોલીસે પાસા તળે અટક કરીને સુરત જેલમાં ધકેલી દીધો છે.

મળતી વિગતો મુજબ શહેરના બજરંગવાડી શેરી નંબર ૩/૪ કરમ નામના મકાનમાં રહેતા મોહીન યાકુબ મોટાની સામે ભૂતકાળમાં માલવિયાનગર, પ્રદ્યુમનનગર અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં શરીર સંબંધી ગુનાઓની ફરિયાદો નોંધાઈ હતી. દરમિયાન માલવિયાનગર પોલીસે મોહીન સામે પાસાની દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી માટે પોલીસ કમિશનરને મોકલતા પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝાએ આ દરખાસ્ત મંજૂર કરી પાસાનું વોરંટ ઇસ્યુ કર્યું હતું. જેના પરથી માલવિયાનગર પોલીસના પી.આઇ જે.આર.દેસાઈ સહિતના સ્ટાફે પાસાના વોરંટની બજવણી વચ્ચે મોહીનને પાસા તળે ઝડપી લઈને જરૂરી કાર્યવાહી કરીસુરતની જેલમાં ધકેલી દીધો છે.

રેલ્વે પોલીસે ફજામનગરી યાસ્મીનને ૧૯.૮૯ લાખના એમડી સાથે પકડ્યા બાદ આ 'માલ' મંગાવનારો ઝપટમાં આવ્યો

# શેડી અઝરૂ એક ગ્રામની પડીકી ૨૫૦૦માં વેંચતો હતો!

## ગેરેજ સંચાલકે મુંબઇથી ત્રીજી વખત પદાર્થ મંગાવ્યાનું રટણઃ કેટલાક જામનગરીઓના નામ ખુલશેઃ પીઆઇ પટેલ, પીએસઆઇ બી. જે. જાડેજાની ટીમે તપાસ આગળ ધપાવી

રાજકોટઃ યુવાધનને બરબાદી તરફ ધકેલી દેતી માદક પદાર્થની લત્ત અનેકને બરબાદ કરી ચુકી છે. દારૂ પછી હવે ગાંજા, એમડી, હેરોઇન સહિતના નશીલા દ્રવ્યોના રવાડે અનેક ચડી ગયા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આવા પ્રકારના નશા કરનારાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. જામનગર પણ હવે ચર્ચાના ચકડોળે ચડ્યું છે. તાજેતરમાં રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનેથી રેલ્વે એસઓજી, એલસીબીએ ઓગણીસ લાખ નેવ્યાસી હજારના એમડી ડ્રગ્સ સાથે જામનગરી યાસ્મીન સેતાને પકડી લીધા હતાં. તેની પુછતાછમાં જામનગર-મુબંઇના બે શખ્સના નામ ખુલ્યા હતાં. તે પૈકી આ માલ મંગાવનારા જામનગરના ગેરેજ સંચાલક અઝરૂને ઝડપી લેવામાં રાજકોટ રેલ્વે પોલીસને સફળતા મળી છે. અઝરૂ પોતે નશેડી છે અને એમડીની એક એક ગ્રામની પડીકીઓ બનાવી બંધાણીઓને રૂા. ૨૫૦૦-૨૫૦૦માં વેંચતો હોવાનું ખુલવા સાથે જામનગરના પેડલરોના નામ પણ સપાટી પર આવી રહ્યા છે.

વિગતો પર નજર કરીએ તો ત્રણ દિવસ પહેલા રાજકોટ શહેરના જંકશન રેલ્વે સ્ટેશન પરથી જામનગરની યાસ્મીન સેતાને રેલ્વે એસઓજી, એલસીબીની ટીમે ૧૯,૮૯,૦૦૦ના ૧૯૮.૯ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી લીધી હતી. યાસ્મીન સાથે એક સગીર પણ સામેલ હતો. પુછતાછમાં તેણીએ આ એમડી ડ્રગ્સ જામનગરના



અઝરૂના કહેવાથી મુંબઇના નીઝામ પાસેથી લાવ્યાનું કબુલ્યું હતું. દરમિયાન રાજકોટ રેલ્વે પોલીસે આગળની તપાસ શરૂ કરી આ પદાર્થ મંગાવનારા જામનગરના અઝરૂને પણ પકડી લીધો હતો. ગેરેજ સંચાલક એવો આ શખ્સ પોતે પણ માદક પદાર્થના નશાનો બંધાણી છે અને તે એક ગ્રામની પડીકી બનાવી પચ્ચીસસો પચ્ચીસસો રૂપિયા લેખે વેંચે છે. મુંબઇના નિઝામ પાસેથી તેની આ ત્રીજી ખેપ હતી, જામનગરના કેટલાક શખ્સો પાસેથી પણ ડ્રગ્સ લેતો હોવાનું ખુલ્યું હોઇ તેને ઝડપી લેવા ટીમ મહેનત કરી રહી છે.

વધુ માહિતી જોઇએ તો રેલ્વે એસઓજી અને એલસીબીની ટીમે જામનગરની યાસ્મીન અને એક સગીરને એમડી સાથે ઝડપી લીધા બાદ આગળની તપાસ રાજકોટ રેલ્વે પોલીસે હાથ ધરી હતી. જામનગર, મુંબઇના બે શખ્સોના નામ ખુલ્યા હોઇ રેલ્વે પોલીસે જામનગરના અઝહરૂદ્દીન ઉર્ફ અઝરૂ કાસીમભાઇ દરજાદા (ખોજાવાડ, મચ્છી પીઠ પાસે, ખોજા ક્લબ કાસીમ મંજીલ)ને ઝડપી લીધો છે. સાડત્રીસ વર્ષના આ ગેરેજ સંચાલક શખ્સની પુછતાછ થતાં તેણે કબુલ્યું હતું કે પોતે પણ ડ્રગ્સનો નશો કરવાની આદત ધરાવે છે. અગાઉ એક શખ્સ મારફત મુંબઇના નિઝામનો પરિચય થયો હોઇ તેના મારફત તેણે ડ્રગ્સ મંગાવવાનું ચાલુ કર્યુ હતું. આ રીતે તેણે ત્રીજી વખત નિઝામ પાસેથી જથ્થો મંગાવ્યો હતો. પોતે એમડી ડ્રગ્સની ૧-૧ ગ્રામની પડીકીઓ બનાવી ૨૫૦૦-૨૫૦૦માં વેંચે છે.

આ ઉપરાંત તેની પુછતાછમાં બહાર આવ્યું છે કે જામનગરના કેટલાક શખ્સો પાસેથી પણ તે માદક પદાર્થ લેતો હોવાનું રટણ કરતો હોઇ વિશેષ તપાસ થઇ રહી છે. પોલીસ હવે મુંબઇના સપ્લાયર નિઝામને શોધી રહી છે. રેલ્વે પોલીસ વડા પરિક્ષીતા રાઠોડ, ઇન્ચાર્જ અધિક્ષક સી. પી. મુંધવાની સુચના અંતર્ગત પીઆઇ એસ. આર. પટેલ, પીએસઆઇ બલભદ્રસિંહ જે. જાડેજા, એએસઆઇ ભગવાનભાઇ, વેજાભાઇ, હેડકોન્સ. મેહુલભાઇ, જયવિરસિંહ, કોન્સ. વિષ્ણુભાઇ, મહિલા કોન્સ. અસ્મીતાબેન, ટેકનીકલ વિભાગના એએસઆઇ પ્રવિણભાઇએ આ કામગીરી કરી હતી. માલ મંગાવનાર અઝરૂદ્દીન ઉર્ફ અઝરૂ ઝડપાઇ ગયો હોઇ હવે માલ મોકલનારા નિઝામને ઝડપી લેવા પોલીસ તપાસનો દોર મુંબઇ તરફ લંબાવવામાં આવશે.

# બોરવેલના અકસ્માતો અટકાવવા નિયંત્રણો

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બહાર પડાયું જાહેરનામું



રાજકોટ મિરર, તા.૨૪

ખુલ્લા બોરને કારણે રાજકોટ જિલ્લામાં બનતા જીવલેણ અકસ્માતો અટકાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.કે.ગૌતમએ તા. ૩૦/૦૪/૨૦૨૫ સુધી નીચે મુજબના આદેશો જારી કર્યા છે.

જે અનુસાર જે તે વિસ્તારમાં ખેતીના ઉપયોગ માટે તથા અન્ય હેતુ માટે લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવેલ હોય અને અનાયાસે આ બોરકૂવા ફેલ જતા તે બંધ કર્યા સિવાય જે તે અવસ્થાઓમાં છોડી દેવામાં આવેલ હોય,તેવા તમામ બોરકુવા તાત્કાલિક અસરથી જે-તે માલિકોએ પુરાણ કરી બંધ કરી દેવાના રહેશે, તેમજ હાલ બિનજરૂરી બિન વપરાશના બોરકુવા હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેવા ખુલ્લા રાખેલ બોર કૂવાને બોરકેપ નટ-બોલ્ટ સહિત લગાવી ફરજિયાત ઢાંકી દેવાના તેમજ દરેક ખાતેદારે ખેતી હેતુ માટે ઉપયોગમાં લેવાતા તમામ કુવાની ફરતે પાકી દીવાલ બનાવી લેવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેવી તાકીદ કરાઈ છે.

વરસાદી પાણીના નિકાલ માટે

# સ્ટોર્મ વોટર પાઈપલાઈનના કામનું ખાતમુર્હુત કરાવતા કાનગડ

મેયર સહિતના પદાધિકારીઓએ ખાતમુહૂર્ત વેળાએ રહ્યા ઉપસ્થિત





રાજકોટ મિરર, તા.૨૪

વિધાનસભા-૮-રાજકોટ, વોર્ડ-૬માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનમોલ પાર્કથી ગોકુલ વિધાલય સુધી વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુર્હુત ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે કરાયું હતું. આ તકે મેયર નયનબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, બાંધકામ સમિતિના ચેરમેન ભાવેશ દેથરીયા, કોર્પોરેટરો પરેશ પીપળીયા(પી.પી.), મંજુબેન કુંગશીયા, દેવુબેન જાદવ, વોર્ડના પ્રભારી રસિકભાઈ પટેલ, વોર્ડપ્રમુખ અંકિત્ત દુધાત્રા,વોર્ડમહામંત્રી અનિલ ચૌહાણ, હરેશ ધંધુકીયા, શિક્ષણ સમિતિ સદસ્ય વિરમભાઈ રબારી, શહેર ભાજપ યુવા મોરચા મહામંત્રી મિલન લીંબાશીયા તેમજ ગેલાભાઈ રબારી, રાહુલ રાઠોડ, હેમરાજ ગરૈયા, વિકી ટાંક, નાગજી બાંભવા, નઝમાબેન પઠાણ, હિનાબેન રાતોજા, ધનશ્યામભાઈ કુંગશીયા, હિરેન રાવલ, વિજય ડોબરીયા, જગાભાઈ રબારી, ઈશ્વરભાઈ, ધનંજયસિંહ, કિશનભાઈ, પિયુષ લાંબરીયા, શોભનાબેન ગજેરા, ચાંદનીબેન ગજેરા, હેતલબેન મકવાણા, કાજલબેન ઉમરાળળીયા, કાજલબેન ચૌહાણ, જયશ્રીબેન, પુજાબેન, મહેશભાઈ રાજગોર, સુખદેવસિંહ જાડેજા, એભલભાઈ આહીર, ગૌતમ મોરવાડીયા, ગૌતમ ઝાપડીયા, પાર્થ રબારી, નિકુંજ રબારી, સિધ્ધાર્થ રબારી, મનસુખભાઈ જાદવ, વિભાભાઈ રબારી સહિતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

આ તકે વિસ્તારની નાની બાળાઓ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ તેમજ ઉપસ્થિત અગ્રણીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્થાનીક આગેવાનો ધ્વારા ઉપસ્થિત આગેવાનોનું ઉષ્માસભર અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યું હતું કે રાજ્યની ભાજપ સરકાર ધ્વારા 'જ્યા માનવી ત્યાં સુવિધા' ના મંત્રને ચરિતાર્થ કરીને છેવાડાના માનવીનું જીવન સુખ અને સુવિધાસભર બને તે માટે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર પાઈપલાઈનની સુવિધાથી વોર્ડ નં.૬ ના રહેવાસીઓની સુખ અને સુવિધામાં વધારો થશે.

વોર્ડ નં.૫ માં ધારાસભ્યની ની ગ્રાન્ટમાંથી

# શાળાઓમાં ડસ્ટબિન વિતરણ કરતા કાનગડ

શાળા સંચાલકો સહિત ભાજપના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત



રાજકોટ મિરર, તા.૨૪

સામૂહિક એક્તા અને દૃઢતાનું પ્રદર્શન કરતા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ધ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન એક જન આંદોલન બની ગયું છે અને સ્વચ્છતા અભિયાનમાં મોટી સંખ્યામાં જન ભાગીદારી જોવા મળી રહી છે. ત્યારે રાજયમાં સ્વચ્છતાને છેવાડાના ગામ સુધી પહોંચાડવા માટે હાથ ધરાયેલા નિર્મળ ગુજરાત અભિયાનને સફળ બનાવવા મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ ધ્વારા વિવિધ પગલાઓ ભરવામાં આવી રહયા છે. વિધાનસભા-૮-રાજકોટ , વોર્ડ-૫ માં રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા વોર્ડ-૫(એ)ની વોર્ડઓફિસ, રણછોડદાસજી બાપુના આશ્રમ સામે, કુવાડવા રોડ ખાતે ધારાસભ્ય ઉદયકાનગડની ગ્રાન્ટમાંથી શાળાઓમાં વ્હીલવાળા મોટા ડસ્ટબીન વિતણરનો કાર્યક્રમ યોજાયો હતો.

જેનો પ્રારંભ ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા કરાવાયો હતો. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પુર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, શહેર ભાજપ મંત્રી ભગવતીબેન ધરોડીયા, શિક્ષણ સમિતિ સદસ્ય વિરમભાઈ સબાડ, વોર્ડ મહામંત્રી દિનેશભાઈ ડાંગર, અનુ.જાતિ મોરચાના સંજયભાઈ બગડા, બક્ષીપંચ મોરચાના સતીષ સતાપરા, અનિલસિંહ પરમાર, સ્વનિર્ભર શાળા સંચાલકો મેહુલભાઈ પરડવા, કલ્પનાબેન ક્રિયાડા, તેમજ વોર્ડ સંગઠનના વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ-બહેનો તેમજ શાળા સંચાલકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ભકિતનગર પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલા ગુનાઓમાં આકરી સજાનો સતત ત્રીજો ચુકાવો આવ્યોઃ જે તે વખતના પીઆઇ વી. કે. ગઢવી, નિલેષભાઇ મકવાણાની ટીમે રજુ કરેલા ચાર્જશીટ, પુરતા પુરાવાને અદાલતે ધ્યાને લઇ સજાઓ ફટકારતાં ગુનેગારોમાં ફફડાટ

# દેવપરામાં ભાભીને પતાવી દેનારા દિયર ચમનને આજીવન કેદ

## મિલ્કત મામલે ચાલી રહેલી માથાકુટને કારણે રોષે ભરાયેલા દિયરે ભાભીને વર્ષ ૨૦૧૯માં મોતને ઘાટ ઉતારી દીધા હતાંઃ સેસન્સ કોર્ટ દ્વારા સજા ફટકારાઇ

રાજકોટઃ શહેરના કોઠારીયા મેઇન રોડ પર આવેલા દેવપરા વિસ્તારમાં મિલકતના ઝઘડામાં ઉશ્કેરાયેલા શખ્સે સગા ભાભી પર છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી દિયરને આજીવન કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વર્ષ ૨૦૧૯માં બનેલી આ હત્યાની ઘટનામાં જે તે વખતે ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી આરોપીને ઝડપી લઇ પુરતા પુરાવા સાથે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ અંગેતો કેસ ચાલી જતાં સેસન્સ કોર્ટ દ્વારા તમામ પુરાવાઓને માન્ય રખાયા હતાં. સરકારી વકિલની દલીલો પણ યથાયોગ્ય રહી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના કોઠારીયા મેઇન રોડ નજીક આવેલ વિવેકાનંદ નગરમાં રહેતા ભારતીબેન ઉમેશભાઈ સરધારા નામની પરણીતા ઉપર દિયર ચમન કડવા સરધારા નામના શખ્સે છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં મૃતકના પતિ ઉમેશ કડવાભાઈ સરધારાએ પોતાના નાનાભાઈ ચમન કડવા સરધારા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ચમન કડવા સરધારાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.બાદ ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ વી કે ગઢવી અને રાઈટર નિલેશભાઈ સહિતના સ્ટાફ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું હતું બાદ અદાલતમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે મરનારનુ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે તેવુ સાબિત કર્યા બાદ તે મૃત્યુ આરોપીએ જ નિપજાવેલ છે કે કેમ તે બાબતે ફરીયાદ પક્ષે ફરિયાદી ઉમેશભાઈ સરધારાને તપાસેલ છે.

ફરીયાદી આરોપીના સગા ભાઈ થાય છે. તેમજ મરણજનારના ફરિયાદી પતિ થતા હતા. બાદ ફરીયાદને સપુર્ણપણે સમર્થન આપેલ છે. નજરે જોનાર લક્ષ્મીબેન ભુપતભાઈ ગજેરા ની જુબાનીથી સપુર્ણપણે સમર્થન મળેલ છે. આરોપીને અદાલતમા નામજોગ ઓળખી બતાવેલ છે. સાહેદને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ ન હતી. બચાવપક્ષની ઉલટતપાસમાથી ફરીયાદ પક્ષના કેસની હકિકતથી વિપરીત હકિકત કઢાવી શકેલ નથી. બનાવના બીજા નજરે જોનાર સાહેદ દુધીબેનનુ ચાલતા કામે અવસાન થયેલ છે. પરંતુ પુરાવાની કવોલોટી ધ્યાને લેવાની હોય છે. એફ.એસ.એલ. અધિકારી ની જુબાની આરોપીનુ બ્લડ રીપોર્ટ પરથી નીકળી આવેલ છે. તેના પરથી પણ બનાવ બનેલો તેવી હકિકત ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ છે. ભકિતનગર પોલીસ સ્ટેશનના કોમ્પ્યુટર ઓપરેટર, પો.કો. ભરતભાઈ મારકણાએ ફરીયાદ પક્ષના કેસને સપુર્ણ સમર્થન આપેલ છે.

તેમજ સાહેદ કૌશિકભાઈ રામાણીને તપાસેલા છે તેઓની રૂબરૂ તા.૦૮/૧૦/૧૯ ના કલાક ૧૬-૪૫ વાગ્યે આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા તેમજ લોહીવાળી છરી પર અને આરોપીના પેન્ટ પર મળેલા લોહીના નિશાન મૃતકના મળી આવેલા છે. ફરીયાદ પક્ષ કેસ સાબિત કરી શકેલ છે. આ કામે ફરિયાદ પક્ષના નજરે જોનાર, હીયરર્સ, મેડીકલ ઓફીસર, પચો તથા તપાસ કરનાર અમલદાર સહીતના તમામ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સપુર્ણ પક્ષને સમર્થન આપેલ હોય. ફરીયાદ પક્ષ સાયોગીક અને દાર્શનીક પુરાવાની કડી અદાલતના રેકર્ડ પર લાવી શકેલ છે. સરકારિ વકીલની દલીલ ધ્યાને લઈ જજ એસ વી શર્માએ આરોપી ચમનભાઈ કડવાભાઈ સરધારા ને આઈ.પી.સી. ની. કલમ-૩૦૨ હેઠળ તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને દંડ ફરમાવેલો છે.આ કામમા સરકારી વકિલ સ્મિતાબેન અત્રી રોકાયા હતાં.

આ કેસમાં આરોપી વિરૂધ્ધ મહત્વના પુરાવા એકઠા કરવામાં આવ્યા હતાં. જેમાં સીઆરપીસી ૧૬૪ મુજબ બે નિવેદનો બનાવ નજરે જોનાર સાહેદોના લેવામાં આવ્યા હતાં. સીસીટીવી ફૂટજે લેવડાવાયા હતાં. તેમજ સચોટ પુરાવાઓ રજુ કરયાા હતાં. પીઆઇ વી. કે. ગઢવી, એએસઆઇ નિલેષભાઇમકવાણા, ઘનશ્યામભાઇ મેણીયા, ભરતભાઇ મારકણા, કોન્સ. હિરેનભાઇ પરમાર, હાર્દિકભાઇ પીપળીયાએ આ કેસની તપાસ કરી હતી. ઉલ્લેખનીય છે કે ભક્તિનગર પોલીસ દ્વારા રજુ કરાયેલા ચાર્જશીટ, પુરાવાઓને આધારે તાજેતરમાં જ ત્રણ કેસમાં આ પ્રકારની સજા પડી છે. જ્યારે ફરિયાદ પક્ષે એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીય,ા ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર વિગેરે રોકાયા હતા.

કુવાડવા રોડ પર નાકરાવાડી નજીક પીપળીયામાં આવેલી કેબીઝેડ કંપની અગનમાં લપેટાઇઃ સદ્નસિબે કર્મચારીઓ બહાર નીકળી જતાં બચી ગયા

# નમકીન-વેફર્સ બનાવતી KBZ ફેક્ટરી આગમાં ખાખઃ મસમોટુ નુકસાન

## મશીનરી, તેલ, તૈયાર કાચો માલ સહિત બળીને ખાખઃ આખા શેડ ભસ્મીભુત થઇ ગયાઃ આગનું કારણ બહાર ન આવ્યુંઃ ધૂમાડાના ગોટા દૂર દૂરથી જોવા મળ્યા









રાજકોટઃ આગની ઘટનાઓ બને ત્યારે શહેર ચર્ચાના ચકડોળે ચડે છે. ત્રેવીસનો ભોગ લઇ લેનાર ટીઆરપી ગેમ ઝોનના સ્થળે રવિવારે ત્યાં પડેલા ભંગાર કે બીજા જથ્થામાં ફરી આગનુ છમકલુ જોવા મળ્યું હતું. એટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં ભભુકેલી અને ત્રણનો ભોગ લઇ ગયેલી આગની ઘટનામાં હજુ તપાસ ચાલુ છે. ત્યાં વધુ એક આગે મોટી નુકસાની નોતરી હતી. શહેરના કુવાડવા રોડ પર નવાગામ સાત હનુમાન પાછળ આવેલા નાકરીવાડી નજીક પીપળીયામાં કેબીઝેડ નામની વેફર્સ, નમકીનની ફેક્ટરીમાં ભીષણ આગ ભભુકતાં રાજકોટથી ફાયર ફાયટરના આઠ બંબા દોડી ગયા હતાં. આગમાં બે શેડ સંપુર્ણ ખાક થઇ ગયા હતા આ કારણે મોટી નુકસાની થઇ હતી. અઢીસો જેટલા કર્મચારીઓ કામ કરતાં હોઇ સદ્નસિબે જેટલા હાજર હતાં એ બધા બહાર નીકળી જતાં જીવહાની અટકી હતી.

આગને કારણે કારણે ધુમાડાના ગોટેગોટા ગગનમાં જોવા મળ્યા હતાં. આ કારણે ઘટના સ્થળ તરફ લોકોના ટોળા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં અને પોલીસ પણ દોડી ગઇ હતી. વેફર્સ, નમકીન બનાવતી આ ફેક્ટરી હોઇ અંદર તેલ સહિતનો જ્વલનશીલ પદાર્થ પણ વધારે હોવાથી આગ વધુ ઝડપથી પ્રસરી ગઇ હતી. આગમાં મોટી નુકસાની થઇ છે. સદ્નસિબે કોઇ જાનહાની થઇ નહોતી. વિશેષ વિગતો પર નજર કરીએ તો નાકરાવાડી પીપળીયામાં આવેલી કેબીઝેડ નામની કે. બી. ઝાલાની ફેક્ટરીમાં સવારે આગ ભભૂક્યાની જાણ સત્યજીતસિંહ નામની વ્યક્તિએ કરતાં રાજકોટથી ફાયર ફાયટરની ચાર ગાડીઓ દોડી ગઇ હતી. આગ વધુ ફેલાઇ ગઇ હોઇ વધુ ગાડીઓ દોડાવાઇ હતી. જાણવા મળ્યા મુજબ આ ફેક્ટરીમાં વેફર્સ, નમકીનનું ઉત્પાદન કરવામાં આવે છે.

ફાયર બ્રિગેડ સુત્રોના કહેવા મુજબ આગમાં વિશાળ ફેક્ટરીના બે શેડ ખાક થઇ ગયા હતાં અને મોટી નુકસાની થયાનું જણાવાયું હતું. બનાવની જાણ થતાં તાલુકા મામલતદાર કે. એસ. મકવાણા, એસીપી બી. વી. જાધવ, કુવાડવા પીઆઇ બી. પી. રજયા, તેમજ ડી. સ્ટાફ, એફએસએલ વેન સહિતના પહોંચી ગયા હતાં. આગ વેફર્સ નમકીનના કારખાનામાં લાગી હતી. જે જોત જોતામાં આખી ફેક્ટરીના શેડમાં ફેલાઇ ગઇ હતી. આગ એક શેડમાંથી આગળ વધી બીજામાં ફેલાઇ ગઇ હતી અને બાદમાં ત્રીજા શેડમાં પ્રસરી ગઇ હતી. ફાયર બ્રિગેડની ટીમો દિવાલમાં બાકોરૂ પાડીને આગ બુઝાવવા કામે લાગી હતી. નમકીન બનાવવાના વિભાગ અને કેન્ટીન વિભાગમાં આગ વધુ આગ ફેલાઇ ગઇ હતી અને મોટી નુકસાની થઇ હતી.

દરમિયાન આગ જ્યાં ભભુકી તે ફેક્ટરી ખાતે હાજર સત્યજીતસિંહે જણાવ્યું હતું કે આગ કઇ રીતે લાગી તે જાણી શકાયું નથી. વેફર્સ નમકીન બનાવવામાં આવતાં હોઇ તેલનો જથ્થો વધુ હોય છે. ફેક્ટરીમાં અઢીસો જેટલા કર્મચારીઓ કામ કરે છે. જો કે સદ્નસિબે કોઇ જાનહાની થઇ નથી. પરંતુ નુકસાની મોટી થઇ છે. ફાયર બ્રિગેડે આગ બુઝાવવા ભારે જહેમત ઉઠાવી હતી અને પાંચ કલાકે કાબુમાં લીધી હતી. આમ છતાં બપોરે દોઢ વાગ્યે થોડા થોડા લબકારા ચાલુ હતાં. સવારે આગ લાગતાં જ કર્મચારીઓ ફટાફટ બહાર નીકળી ગયા હતાં. મશીનરી, પેકેજીંગ, શેડ બધુ બળી ગયું હતું. સવારે ભભુકેલી આગના લબકારા મોડી બપોર સુધી જોવા મળ્યા હતાં.

# સમાન નાગરિક સંહિતા અંગે બેઠક

## સમિતિના સભ્યો દ્વારા લેવાયા અભિપ્રાયો:રાજકીય,સામાજિક,ધાર્મિક,સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી

રાજકોટ તા, તા. ૨૪

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા સંદર્ભે યુ.સી.સી.ની સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર કચેરી, રાજકોટ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમિતિના સભ્યો દ્વારા યુ.સી.સી. અંગે સમાજના વિવિધ સમુદાય, વર્ગો ,સામાજિક-ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ, પ્રબુદ્ધ નાગરિકો પાસેથી મૌખિક તથા લેખિત પ્રતિભાવો-અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા.

સમાન નાગરિક સંહિતા મામલે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સમિતિના સભ્ય ડો. દક્ષેશ ઠાકરે બેઠકમાં કહ્યું હતું કે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં સી.એલ. મીના આઈ.એ.એસ. (નિવૃત્ત), હાઈકોર્ટના વરિષ્ઠ એડવોકેટ આર.સી. કોડેકર, વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડો. દક્ષેશ ઠાકર તથા સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ સભ્યો તરીકે છે. સમિતિના સભ્યો રાજ્યના તમામ જિલ્લાઓમાં જઈને યુ.સી.સી. અંગે રજૂઆતો સાંભળીને અભિપ્રાયો મેળવી રહ્યા છે.



સૌને યુ.સી.સી. વિશે વિગતવાર સમજણ આપી હતી તેમજ તેના વિશે પ્રવર્તતી ગેરસમજ અંગે વિગતવાર વાત કરતા તેમણે ખાસ કહ્યું હતું કે, સમાન નાગરિક સંહિતા કોઈ જ્ઞાતિ કે સમાજના વિશેષ વર્ગને ટાર્ગેટ કરતી નથી. ઉપરાંત તે કોઈ ધર્મ કે સંપ્રદાયના રીતિ-રિવાજને પણ સ્પર્શતી નથી. વર્તમાન સમયમાં લિવ ઈન રિલેશનશિપથી સમાજમાં જે પ્રકારના વિવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે, ત્યારે કાયદાથી લિવ ઈન રિલેશનશિપનું રજીસ્ટ્રેશન હોવું જોઈએ તેવો એક વિચાર છે. આ તકે રાજકોટનાં પ્રથમ મેયર નયનાબહેન પેઢડિયા તેમજ અન્ય રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓએ સમાન નાગરિક સંહિતા મામલે પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. જેની સમિતિના સભ્યોએ નોંધ કરી હતી. ઉપરાંત ઉપસ્થિત લોકોએ આ અંગે પોતાના લેખિત અભિપ્રાયો પણ સમિતિને આપ્યા હતા. સમિતિનાં સભ્ય ગીતાબહેન શ્રોફે જણાવ્યું હતું કે, યુ.સી.સી. ભારતીય સંસ્કૃતિ અને તમામ ધર્મોને આદર આપે છે. વિવિધ ધર્મ-સંપ્રદાયમાં જોવા મળતા રીતિ-રિવાજોને પણ યુ.સી.સી. આદર આપે છે. રાજ્યનો કોઈપણ નાગરિક સમાન નાગરિક સંહિતા માટે વેબ-પોર્ટલ ર્વાાિંતઃ//ીભભલીષફફિ.શિક્ષ પર અથવા - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, પિન- ૩૮૨૦૧૦ પર પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરી શકશે. આ બેઠકમાં રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકરસિંહ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ ઉપસ્થિત રહ્યા હતા.

# જિ.પં.નું ૧૦૯૧ કરોડનું બજેટ મંજૂર

## ખાસ સામાન્ય સભામાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે થઈ બોલાચાલી : મહિલા સભ્યોને પુરૂષોની સરખામણીમાં મળશે વધુ ગ્રાન્ટ

રાજકોટ તા. ૨૪

ગઈકાલે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળી હતી જેમાં નવા વર્ષનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું અને નવી યોજનાઓ સાથે છ થી વધુ ઠરાવો પણ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરીમાં તું તું મે મે જેવી ઘટનાઓ પણ ઘટી હતી ત્યારબાદ બજેટ સહિતની દરખાસ્તો પણ ચર્ચામાં લેવામાં આવી હતી ત્યારે નવા નાણાકીય વર્ષ માટે ૨૨ કરોડનું સ્વભંડોળ સહિત કુલ ૧૦૯૧.૬૪ કરોડ નું બજેટ કરવાનું મતે મંજૂર કરવામાં આવ્યું હતું. વિવિધ વિકાસ કામો માટે ૧૦.૮૦ કરોડ, શ્રેષ્ઠ ગ્રામ પંચાયતની પસંદગી સ્પર્ધા માટે ૨૨ લાખ રૂપિયા, વિચરતી જાતિના સંતાનોના શિક્ષણ માટે ૨૦ લાખ રૂપિયા, સગર્ભા માતાઓની તપાસ અને સારવાર સહાય માટે દસ લાખ રૂપિયા, કુપોષણ અભિયાન ક્ષેત્રે ૩૨ લાખ, તળાવ બંધારણ નેહરો માટે ૩૫ લાખ તથા વરસાદી પાણીના સંગ્રહ માટે ૨૫ લાખ રૂપિયાની જોગવાઈ જે કરવામાં આવી હતી તેને બહાલી આપવામાં આવી છે.



અત્યાર સુધી સ્વભંડોળની ગ્રાન્ટમાં પુરુષો અને મહિલાઓને સમાન રકમ આપવામાં આવતી હતી પરંતુ હવે મહિલા સભ્યોને પુરુષ સભ્યો કરતાં એક લાખ વધુ ગ્રાન્ટ આપવાની ખાસ જોગવાઈ પર મંજૂરીની મહોર લગાવવામાં આવી છે. ઉપરાંત નવા વર્ષની સભ્યોની ગ્રાન્ટમાંથી સભ્ય દીઠ એક લાખ મેળવીને સરકારી આરોગ્ય કેન્દ્રમાંથી જન્મ લેતી બાળકીની માતાઓ માટે મમતા કીટ આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. મહત્વનું એ છે કે નવા વર્ષમાં જિલ્લા પંચાયતના પ્રમુખને મળતી વિશેષ ગ્રાન્ડ માંથી પાંચ લાખ રૂપિયા ફાળવીને જિલ્લા પંચાયત કચેરીએ જન સુવિધા કેન્દ્ર ઊભું કરવામાં આવશે જેથી ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આધાર કાર્ડ, રાશનકાર્ડ અને આયુષ્યમાન કાર્ડ જેવી વધારાની કામગીરી થઈ શકે.

બીજી મહત્વની જે દરખાસ્ત કરવામાં આવી તેમાં રાજકોટ જિલ્લાના જે ૬૦૦ ગામડાઓ છે તેમાં એક એક તળાવ બનાવવા માટે ૧૫૦ કરોડની ગ્રાન્ટની સરકાર પાસે માંગ કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો જે યોજના ભૂતપૂર્વ પ્રમુખ ભુપત બોદરે સૂચવી હતી. આ સિવાય જિલ્લાભરના તમામ ગામોમાં ગૌચર સરકારી ખરાબા, ગામ તળમાં દબાણ થયા હોય તો તેનો સરપંચ તલાટી મારફતે સર્વે કરાવવા ઠરાવ કરવામાં આવ્યો હતો એટલું જ નહીં દરેક ગામમાં પશુ-પંખી માટે પાણીની વ્યવસ્થા કરવાનો ઠરાવ પણ કરવામાં આવેલો છે. સામાન્ય સભામાં એક કલાકની જે પ્રશ્નોત્તરી થઈ હતી તેમાં ૨૩ પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા ત્યારે સભ્યો દ્વારા વહીવટી તંત્ર પર ધોંશ બોલાવવામાં આવી હતી.

એટલું જ નહીં. પૂર સહાયમાં જસદણના ઘણા ખરા ગામોને વંચિત રાખવામાં આવ્યા હોવાનો મુદ્દો મનસુખ સાકરીયા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો એટલું જ નહીં સરકારી પોર્ટલ પરથી ખરીદી મોંઘી પડતી હોવાનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું ત્યારે બજેટ જેવી મહત્વની દરખાસ્ત હોવાથી પ્રશ્ન કરી અધવચ્ચે અટકાવવા શાસક સભ્યો દ્વારા રજૂઆત થતા જ વાતાવરણમાં ગરમાવો જોવા મળ્યો હતો. સામાન્ય સભામાં મનરેગાનું ૧૮.૨૭ લાખનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. તેમાં ૧૩ લાખ લેબર માટેનાં હતા.૩૦૦૦ થી વધુ કામ અંદાજાયા છે. જીલ્લાનાં તમામ ૧૧ તાલૂકા આ બજેટમાં આવી જાય છે.

# શાહી શોખ હુક્કો

## હર ફિક્ર કો ધૂએં મેં ઉડાતા ચલા ગયા..

## ધુમાડાના ગોટામાં ભવ્ય ઈતિહાસ, કાતિલ વર્તમાન



સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરવાનો શોખ ઘણી વખત ભારે પડી જતો હોય છે. ધોરાજીના નગરપાલિકા પ્રમુખપદેથી સંગીતાબેને ૧૩ દિવસમાં રાજનામું આપી દીધું. તેઓનો એક વીડિયો, જેમાં તેઓ બિયર પીવા સાથે હુક્કો ફૂંકી રહ્યા છે.. આ વીડિયોના ધુમાડા રાજકીય કારકિર્દી નંદવ રહ્યાં છે.

વર્તમાન સમયમાં ગુજરાતમાં હુક્કો કુંકવો અસંસ્કારી માનવામાં આવે છે. હુક્કાબાર પર પ્રતિબંધ છે. જાહેરમાં હુક્કો કુંકવાની મનાઈ છે. જો કે કાયદાનો ભંગ કરીને ધમધમતા હુક્કાબાર વારંવાર સમાચારોમાં છવાય છે. હુક્કો ભલે કાનૂની નિયંત્રણ હેઠળ હોય, પરંતુ પરંપરામાં વણાયેલું છે.

હુક્કાની કહાન પણ રોમાંચક છે. હુક્કો ટેકનીકલ દ્રષ્ટિએ વિશિષ્ટ છે. તમાકુ કે અન્ય જડીબુટ્ટીઓના ધુમ્રનું પાન કરવા માટે તેનો ઉપયોગ થાય છે. પરંપરાગત હુક્કામાં પાણી ભરેલું એક વાસણ હોય છે, જેમાંથી ધુમાડો પસાર થાય છે અને ઠંડો થાય છે. હુક્કામાં રહેલા તમાકુ કે જડીબુટ્ટીઓને ગરમ કરવા માટે કોલસાનો ઉપયોગ થતો હતો.

* મુગલોએ ધુમાડા કાઢયા

ઈતિહાસ હંમેશા વિવાદી અને શંકાસ્પદ રહ્યો છે. આધુનિક જ્ઞાન શાખાઓ નોંધાયેલા ઈતિહાસને જ માન્ય રાખે છે. ધુમ્રપાનના ઈતિહાસના પાનાં ઉઘાડો તો હુક્કાનો ઈતિહાસ મુગલ સામ્રાજ્યથી નોંધાયેલો છે. ૧૫–૧૬ મી સદીમાં અકબરના દરબારમાં એક ડોકટર અકીમ અબુલફતહ ગિલાનીએ હુક્કો શોધ્યાનું માનવામાં આવે છે. હુક્કાની શોધ ભારતમાં થઈ હતી. જો કે કેટલાક ઈતિહાસકારો એવું માને છે કે, હુક્કાની ઉત્પત્તિ પર્શિયામાં થઈ હતી.

ખુબ મહત્વની બાબત એ છે કે, ઘણાં ઈતિહાસવિદો એવું માને છે કે, હુક્કાના પ્રારંભથી ધુમ્રપાનની પણ શરૂઆત થઈ હતી. આજે દુનિયાભરમાં ધુમ્રપાન વિવિધ સ્વરૂપે છવાયેલું છે જો કે આશ્ચર્ય અને દુઃખદ બાબત એ છે કે, અતિ પ્રાચીન વેદને ઈતિહાસ તરીકે સ્વીકાર્ય ગણવામાં આવતા નથી. વેદમાં અનેક પ્રયોગો એવા છે, જેમાં જડીબુટ્ટીઓના ધુમાડાનું પાન કરવામાં ઉલ્લેખ છે. આ પ્રયોગો વ્યસન માટે નહીં, પણ આરોગ્ય અને સાધનાના ઉપયોગ માટે હતાં. મુગલોએ હુક્કાની શોધ વ્યસન અને મોજમજા માટે કર હતી.

* શાહી શોખમાં દુનિયા કેદ

આજે એક વિચાર ક્ષણવારમાં દુનિયાભરમાં વાયરલ થઈ જાય છે. ૧૫–૧૬મી સદીમાં પ્રત્યાપનના કોઈ સાધન ન હતાં. હુક્કો શોધાયો અને શાહી શોખના રૂપમાં દુનિયાભરમાં છવાઈ ગયો હતો. પ્રારંભે હુક્કા એ પાર્શિયા, મધ્યપૂર્વમાં અને ઉત્તર આફ્રિકામાં સામ્રાજ્ય જમાવ્યું હતું. બાદમાં ૧૭–૧૮મી સદીમાં યુરોપમાં પણ જમાવટ કરી હતી. દુનિયા આખી ધુમાડા કાઢવા લાગી હતી.

ભારતમાં રાજાશાહીના સમયમાં પણ હુક્કાને પ્રતિષ્ઠાનું પ્રતિક માનવામાં આવતું હતું. રાજા મહારાજા દરબારીઓ સાથે હુક્કાના પ્રસંગો ઈતિહાસમાં નોંધાયેલા છે. હુક્કો પવાનો સામાજિક રીવાજ પણ બની ગયો હતો. મહેમાનોને સન્માન આપવા તથા મહેફીલો જમાવવા હુક્કાનો ઉપયોગ થતો હતો.

* હુક્કા સાથે કલા–સમૃધ્ધિ

હુક્કો માત્ર વ્યસનનું જ માધ્યમ ન હતો. તેની સાથે કલા આર્ટક્ષેત્ર પણ જોડાયેલું હતું. પરંપરાગત હુક્કા મોટી સાઈઝના હતાં અને જટીલ પ્રકારની ડિઝાઈન્સ ધરાવતા હતાં. રાજવી ઠાઠના હુક્કા કલા સાથે સમૃધ્ધિનું પણ પ્રતિક હતાં. હુક્કામાં કિંમતી હીરા–મોતી–સોના–ચાંદી જડવામાં આવતાં હતાં. આ માટે વિશિષ્ટ કલા–કારીગરી વિકસી હતી. હુક્કાના ડિઝાઈનરો પણ શાહી જીવન જીવતા હતાં. હુક્કો પીવોએ સ્ટેટસ સિમ્બોલ બની ગયો હતો.

હુક્કામાં અપાર વૈવિદ્ય હતું. ઘણાં હુક્કા લાકડામાંથી બનતા હતાં. તેમાં વૈવિદ્ય લાવવા માટે વિવિધ ધાતુઓમાંથી હુક્કા બનવા લાગ્યા. બાદમાં કાચના અને સિરામિકના હુક્કા પણ બન્યા હતાં.

* હુક્કા મ્યુઝીયમ !

સદીઓ પુરાણા વૈવિદ્ય પૂર્ણ–કલાત્મક–કિંમતી હુક્કા ગુજરી ગયા નથી. એ નિસ્ક્રીય અવસ્થામાં જીવે છે. દુનિયામાં અનેક સ્થાનો પર હુક્કા મ્યુઝીયમ છે. ત્યાં હુક્કા સંસ્કૃતિના દર્શન થઈ શકે છે. કૈરો–ઈજિપ્તમાં ખલીલ કલેકશન છે. આ સંગ્રહાલયમાં ઈસ્લામિક કલા–સંસ્કૃતિનો વિપુલ સંગ્રહ છે. આ મ્યુઝીયમમાં હુક્કા માટે વિશેષ વિભાગ બન્યો છે. જ્યાં વિવિધ પ્રકારના પ્રાચીન હુક્કા જોવા મળે છે. આ ઉપરાંત યુનાઈટેડ સ્ટેટસમાં પણ અનેક મ્યુઝીયમમાં વૈવિદ્યપૂર્ણ હુક્કા સંગ્રાહિત થયા છે. દુનિયાભરમાં ખાનગી સંગ્રહકો પાસે પણ પ્રાચીનશૈલીના હુક્કા સચવાયેલા છે. ભારતમાં અનેક સંગ્રહાલયોમાં હુક્કા જોવા મળે છે.

* વડાપ્રધાને ધુમાડા કાઢયા !

મુગલકાળથી હુક્કાને રાજનીતિ સાથે ગાઢ સંબંધ રહ્યો છે. ભારતમાં આઝાદી બાદ પણ અકલ્પનીય પ્રસંગો ઈતિહાસમાં નોંધાયેલા છે. ભારતાં હરિયાણા રાજ્ય હુક્કાનું દિવાનું રહ્યુસં છે. આ રાજ્યમાં ૧૦૦ વર્ષ જુનો વિશ્વનો સૌથી મોટો હુક્કો સંગ્રહિત છે. આ હુક્કાનો અવાર નવાર જાહેરમાં ઉપયોગ પણ થાય છે.

૧૯૭૯ની સાલમાં ચૌધરી ચરણસિંહ નામના નેતા વડાપ્રધાન બન્યા હતાં. તેઓની વિજય રેલી દિલ્હીમાં આયોજિત થઈ હતી. સભાસ્થળે હરિયાણામાં સંગ્રહાયેલો ૧૦૦ વર્ષ જુનો દુનિયાનો સૌથી મોટો હુક્કો લાવવામાં આવ્યો હતો. હજારો લોકો વચ્ચે ભારતના વડાપ્રધાન ચરણસિંહ આ હુક્કો પીને જાહેરમાં ધુમાડા કાઢયા હતાં. આ ઉપરાંત ૧૯૯૦માં દેવીલાલ નાયબ વડાપ્રધાન બન્યા ત્યારે પણ આ પ્રાચીન હુક્કો દિલ્હી લાવવામાં આવ્યો હતો અને દેવીલાલે ધુમાડા કાઢયા હતાં.

૧૦૦ વર્ષ જુના દુનિયાના સૌથી મોટા હુક્કાને જાણવા જેવો છે. આ હુક્કાનું વજન ૬૫ કિલો છે. તાંબા–પીતળ–લાકડામાંથી બનેલો આ હુક્કો ૪.૬ ફુટ ઉંચો છે અને ૧.૬ ફુટ પહોળો છે. આ હુક્કામાં ૩૪ લીટર પાણી સમાય છે. ચીલમમાં ૧ કિલો તમાકુ સમાય છે. આ ઐતિહાસિક હુક્કાના સાક્ષાત દર્શન હરિયાણાના મ્યુઝીયમમાં થઈ શકે છે. આજે પણ અતિ કિંમતી હુક્કા બને છે અને વેચાય છે. સ્વીડન ડિઝાઈનર દ્વારા બનેલો સોના્–ચાંદ જડેલો ડેસ્યલી શિશા હુક્કો ૧ લાખ ડોલર સુધીની કિંમત ધરાવે છે. આ ઉપરાંત મેડુસેલિયા એટલાન્ટીસ હુક્કો ૬૦ હજાર ડોલરમાં વેચાય છે. તુર્કીનો બગદાઝ હુક્કો ૫૦ હજાર ડોલર કિંમત ધરાવે છે.

* હમ કિસી સે કમ નહી

ધોરાજીના સંગીતાબેનના કારણે હુક્કો ચર્ચામાં આવ્યો છે. જો કે ઈતિહાસના પાના ઉથલાવો તો ખ્યાલ આવશે કે હુક્કો પીવા મામલે મહિલા વર્ગ પણ પુરુષોથી કમ ન હતી. મુગલકાળમાં શાહી મહિલાઓ મોજથી હુક્કો પીતી હતી. આ ઉપરાંત રાજસ્થાની ચિત્રોનો અભ્યાસ કરો તો ખ્યાલ આવશે કે કેટલાક ઐતિહાસીક મહિલા પાત્રો પણ હુક્કા પીતી દર્શાવાઈ છે. આઝાદી પૂર્વેના ગ્રંથોમાં પણ મહિલાઓ હુક્કો પીતી હોવાનું દર્શાવાયું છે.

ભારતના પશ્ચિમના કિનારે આવેલા કોયોલાંડીનગરમાં મોટાપાયે હુક્કા બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. અહિં બનેલા હુક્કા મલબાર હુક્કા તરીકે ઓળખાતા હતાં. રાજાશાહીમાં ઓર્ડર પ્રમાણે કિંમતી હુક્કા અહિં બનતા હતાં.

* રવાડે ન ચઢતા

હુક્કા પીવા આરોગ્ય માટે નુકસાનકારક છે. નિષ્ણાંતો કહે છે કે, મહિલાઓ માટે વિશેષ નુકસાન કારક છે. હુક્કા પીવાથ મહિલાનું હાર્મોન્સ સંતુલન

## હુક્કો ફૂંકતા એક વીડિયોથી ધોરાજીના સંગીતાબેનની રાજકીય કારકિર્દી દાવ પર લાગી ગઈ : હુક્કાએ અનેકના ધૂમાડા ઉડાવી દીધા છે : મુઘલકાળથી હુક્કાનો પ્રારંભ : હુક્કો માત્ર વ્યસન ન હતું : કલા અને પ્રતિષ્ઠાનું પણ પ્રતિક : હુક્કામાં ધુમાડો ઠંડો થ ને વ્યસનો સુધી પહોંચે : ૧૬મી સદીથી હુક્કાનો ઈતિહાસ : વૈદિકકાળમાં તમાકુ નહિ, ઔષધીય ધૂપનુ મહત્વ હતું : હુક્કા બાદ ૧૭મી સદીમાં બીડી આવી, ૧૯મી સદીમાં સિગારેટ પ્રચલિત થઈ : હાલ ઈ–સિગારેટન ધુમ : એશિયાનો સૌથી મોટો હુક્કો હરિયાણામાં છે, ૬૫ કિલો વજન, ૩૪ લીટર પાણી સમાય : આ હુક્કો પૂર્વ વડાપ્રધાને જાહેરમાં કુંકયો હતો

ખોરવાય છે. બાળ ઉછેર મુશ્કેલ બને છે. આ ઉપરાંત ફેફસા–હૃદય રોગથી માંડીને કેન્સરનું જોખમ વધે છે. ત્વચા–વાળ નિસ્તેજ બને છે. નિષ્ણાંતો કહે છે કે, પ્રાચીનકાળમાં હુક્કા પીવાની આડઅસર નીવારવા મહિલાઓ–પુરૂષો વિશેષ આહાર લેતા હતાં. ઔષધોનો ઉપયોગ કરતાં હતાં. વર્તમાન સમયમાં હુક્કા વધારે ઝેરી બન્યા છે અને તેની આડઅસર નિવારવા કંઈ કરાતું નથી. તેથી તમા પ્રકારના ધુમ્રપાન અતિ જોખમી બન્યા છે. રવાડે ચઢવા જેવું નથી.

* હુક્કા વિકાસ !

વર્તમાન સમયમાં વિકાસની દોડ ચાલે છે. દરેક ક્ષેત્ર વિકસી રહ્યાં છે. હુક્કા ક્ષેત્ર પણ વિકાસન દોડમાં પાછળ નથી. વિવિધ ટેકનોલોજીથી બનેલા આધુનિક હુક્કા લોકપ્રિય છે. પરંપરાગત હુક્કાધાતુ કે કાચના બનેલા હતાં.તેમાં એક પાણીનું પાત્ર હોય છે. એક નળી અને બાઉલ હોય. વર્ષોથી ઉપયોગમાં લેવાતા આવા હુક્કા હજુ પણ હુક્કાબારમાં રાખવામાં આવે છે.

હુક્કો પણ વિકાસ તરફ દોડયો છે. આધુનિક ડિઝાઈન–સુવિધા વાળા હુક્કા ધૂમ મચાવે છે. તેમાં એલઈડી લાઈટ્સ, રિમોટ કંટ્રોલ તથા અન્ય સુવિધા હોય છે. આ ઉપરાંત ઈલેકટ્રોનિકસ હુક્કા પણ લોકપ્રિય છે. આવા હુક્કામાં બેટરી હોય છે. તેમાં રહેલા પ્રવાહીને ગરમ કરીને તેની વરાળ–ધુમાડાનું પાન કરાય છે. આને સિગારેટનો વિકલ્પ માનવામાં આવે છે. ફલેવર્ડ હુક્કા પણ પ્રચલિત બન્યા છે. જેમાં વિવિધ કૃત્રિમ સ્વાદનો ઉપયોગ થાય છે.



આ હુક્કા યુવા વર્ગમાં સૌથી વધુ પ્રિય છે.

હુક્કાના ધંધાર્થીઓએ કિશોરોને પણ ધુમાડા કુંકવાના રવાડે ચઢાવવા હુક્કામાં કાર્ટુન તથા ફિલ્મી પાત્રો અંકિત કરીને વિશિષ્ટ ડિઝાઈન બનાવી છે. આ તમામ પ્રકારના હુક્કા બારમાં ગોઠવવામાં આવે છે. યાદ રાખજો, હુક્કાબાર ગેરકાયદે છે અને હુક્કા સહિતના ધુમ્રપાન આર્થિક અને આરોગ્યની બરબાદી નોતરતા વ્યસનો છે.

* હુક્કાના ભાઈ–બહેનો !

હુક્કા પારાયણ ચાલી રહી છે. ત્યારે તેના ભાઈ–બહેનોનો પરિચય પણ થવો જોઈએ. હુક્કામાં તમાકુના ધુમાડાને પાણીમાંથી પસાર કરીને પાઈપ વડે ધુમ્રપાન થાય છે. તેના પરિવારમાં ચલમ પણ આવે છે ચલમ એક નાનુ પાઈપ જેવું સાધન છે, જેમાં તમાકુ ભરીને તેને સળગાવીને ધુમાડો સીધો શ્વાસમાં લેવામાં આવે છે. ગાંજો હુક્કા પરિવારનું લોકપ્રિય સ્વજન છે. આ વનસ્પતિના પાન–ફુલ–દાંડીઓ સિગારેટ કે પાઈપમાં નાખીને તેના ધુમાડાને પીવામાં આવે છે. ચરસ ગાંજાના છોડમાંથી પ્યોર કરી મેળવાય છે. જેને ચરસ કહેવાય તે સિગારેટાં નાખીને પીવામાં આવે છે.

* બીડી હિરોઈન !

હુક્કા કુળમાં પ્રગટ થયેલી બીડી સામાન્ય સ્તરના વ્યસનીઓમાં સદીઓથી અપાર લોકપ્રિયતા ધરાવે છે. સદાબહાર હિરોઈન જેવી બીડી ઈતિહાસ પ્રમાણે ૧૭મી સદીમાં શરૂ થઈ હતી. આજે પણ વિવિધ બ્રાન્ડની બીડી ધુમ મચાવે છે. તેંડુ નામની વનસ્પતિના સુકાયેલા પાનમાં તથા ઘણી બીડી આપ્ટા નામના પાનમાં તમાકુ ભરીને બીડી બનાવવાં આવે છે. આ બન્ને પાંદડાના ધુમાડાનું પાન અનોખી મોજ કરાવે છે.

વ્યસનીઓની હિરોઈન લોકોને ટક્કર આપવા નિકોટનના મંચ પર સિગારેટનું આગમન થયું. સિગારેટ ૧૮મી સદીમાં બની, પણ તે હાથથી બનાવવામાં આવતી હતી. ૧૮૮૦માં જેમ્સ બોન્સૈક નામના અમેરિકને સિગારેટનું મશીન બનાવ્યું. ૨૦મી સદીમાં દુનિયાભરમાં સિગારેટ લોકપ્રિય બની ગઈ. વર્તમાન સમયમાં પણ બીડી અને સિગારેટ પોતપોતાના વર્ગમાં હીટ છે.

* ઈ–સિગારેટ : હિરોનનો રોબોટિક અવતાર !

બીડી વનસ્પતિના પાનમાંથી બને, સિગારેટ માટે વિવિધ પ્રકારના કાગળ વપરાય. હુક્કા કુળમાં ઈ–સિગારેટ હિરોઈનના રોબોટિક અવતાર જેવો છે. તેમાં પાંદડા–કાગળને બદલે વિશિષ્ટ ધાતુમાંથી સર્જાય છે. તેને વેપિંગ ડિવાઈસ તરીકે પણ ઓળખાય છે. આ ઉપકરણમાં બેટરી હોય છે. જે નિકોટીન અને અન્ય કેમીકલને ગરમ કરે છે. તેના એરોસોલને શ્વાસમાં લેવામાં આવે છે.

ઈ–સિગારેટના ઘણા પ્રકારો છે. સિગ–એ–લાઈકસ, વેપ–પેન, મોડસ વગેરેનું પ્રોડકશન થાય છે અનેક તમાકુ બ્રાન્ડસ વિવિધ પ્રકારની ઈ–સિગારેટનું પ્રોડકશન કરે છે. દુનિયામાં સૌથી વધુ ઈ–સિગારેટ ચીનમાં બને છે. યાદ રાખજો, ભારતમાં ઈ–સિગારેટ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ઈ–સિગારેટમાં ભયાનક કેમિકલ હોય છે, જે મગજ, ફેફસા અને હૃદયની પથારી ફેરવે છે.

* અબજો રૂપિયાના ધુમાડા :

ધુમ્રપાનથી આરોગ્યને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. ગાંજાથી માંડીને ઈ–સિગારેટ ભારત સહિત દુનિયાભરમાં નિયંત્રણ હેઠળ છે. દુનિયાની વસ્તી છ અબજ માનવામાં આવે તો ડબલ્યુ. એચ.ઓ. પ્રમાણે દોઢ અબજથી વધારે લોકો વિવિધ માધ્યમથી ધુમ્રપાન કરે છે. આ ક્ષેત્ર અબજો ડોલરનું ટર્નઓવર ધરાવે છે. ભારતમાં અંદાજે ૨૬ કરોડ લોકો ધુમ્રપાન કરી રહ્યાં છે. ૬૦ લાખ ખેડૂતો અને ૧૦ કરોડ જેટલા ખેતમજુરો ભારતાં તમાકુનો ખેતીમાંથી રોજગારી મેળવે છે. આ કારણે સંપૂર્ણ પ્રતિબંધ જોખમી બની શકે તેમ છે.

તમાકુમાં રહેલા નિકોટીનની બચાનક અસરોનો પ્રચાર ખૂબ થયો છે. એક વિજ્ઞાનશાખા એવું માને છે કે, નિકોટીન અલ્ઝાઈમર–પાર્કીન્સન જેવા રોગમાં ફાયદો કરે છે. આ ઉપરાંત આંતરડાની સમસ્યામાં પણ ઉપયોગી છે. જો કે આપણું આયુર્વેદ સ્પષ્ટ કહે છે કે, નિકોટીન ઝેરી જ છે તે ફેફસા, હૃદય, મગજને ખરાબ અસર કરે છે. નિકોટનની ટેવ દૂર કરવા અને શરીરને ડિટોકસ કરવા અશ્વગંધા–રસાયન ચૂર્ણ ત્રિફળા તથા ધ્યાન–યોગ ઉપયોગી છે.

### ધુમાડા નીકળ ગયા

હુક્કો કુંકવાના એક વીડિયોના કારણે ધોરાજીના સંગીતાબેનની રાજકીય કારકિર્દીના હાલ ધુમાડા નીકળી ગયા છે. હુક્કાના અભ્યાસ દરમિયાન અનેક બાબતો જાણવા મળી છે, જેની ઝલક માણીને હુક્કા પુરાં પુરું કરીએ.

– હાલમાં પણ વિશ્વાં અનેક બ્રાન્ડ હુક્કાનું પ્રોડકશન કરે છે. જેમાં ઈજિપ્તન ખલીલ મામુન બ્રાન્ડ ઉચ્ચ ગુણવત્તાવાળા હુક્કા બનાવે છે. મિડાસ બ્રાન્ડ પોર્ટેબલ હુક્કા બનાવે છે. સ્ટારબઝ બ્રાન્ડ હુક્કા ફલેવરાં અગ્રેસર છે.

– ભારતીય સંસ્કૃતિમાં હુક્કા પર કવિતા–ગીતો–વાર્તાઓ લખાયા છે.

– મુગલ બાદશાહ જહાંગર હુક્કાનો અતિ શોખીન હતો.

– મુગલકાળમાં મહિલાઓ માટે વિશેષ ડિઝાઈનના અતિ કલાત્મક હુક્કા બનતા હતાં.

– સિગારેટ કરતાં હુક્કાનો ધુમાડો અલગ છે, હુક્કાાંથ ધુમાડો ઠંડો લને વ્યસન સુધી પહોંચે છે.

– હુક્કા અરબી શબ્દ છે આ શબ્દ મુગલોએ પ્રચલિત કર્યો હતો.

– હુક્કા અંગે જાણવામાં, લખવામાં કે વાચવામાં વાંધો નથી, હુક્કાબાર પ્રતિબંધિત છે, ત્યાં હુક્કો કુંકશો તો ૩ વર્ષન જેલ અને રૂા.૫૦ હજારનો દંડ થઈ શકે છે. વિજયભાઈ રૂપાણી સરકારે હુક્કા બાર પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવ્યો હતો. ચેતશો નહી તો ધુમાડા નીકળી જશે.





સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત

# સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ પુસ્તકનો અમદાવાદમાં યોજાયો વિમોચન સમારંભ

પ્રમુખસ્વામી મહારાજના જીવનને પુસ્તકમાં બાંધવું અસંભવિત છે. પ્રમુખસ્વામી મહારાજ એવા એક મહાપુરુષ હતા, જેમના જીવનની પ્રત્યેક ક્ષણ લોકકલ્યાણ માટે સમર્પિત હતી. અસીમ શાંતિના ધારક, સહજ, સરળ, વિનમ્ર, દિવ્ય, ભારતની સનાતન મહાન સંસ્કૃતિના વાહક પ્રમુખસ્વામી મહારાજ હતા.- સંસ્કૃતિ અને પ્રવાસનમંત્રીમાન. ગજેન્દ્રસિંહશેખાવત







**પ્રમુખસ્વામી મહારાજના જીવન પરનું પુસ્તક આપણાં શાસ્ત્રોનો સાર છે. વિશ્વવંદનીય મહાપુરુષ એવા પ્રમુખસ્વામી મહારાજની ચેતનાને વંદન. પ્રમુખસ્વામી મહારાજના જીવન પરનો આ અમૂલ્ય ગ્રંથ છે. - ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા**



રાજકોટ મિરર, તા.૨૪

ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા સાહિત્ય અકાદમી તથા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંશોધન સંસ્થાન, દિલ્હીના સંયુક્ત ઉપક્રમે 'સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ' પુસ્તકનો વિમોચન સમારંભ અમદાવાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો.

લેખક મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીદ્વારા આ પુસ્તકમાં પ્રમુખસ્વામી મહારાજના જીવન, કાર્ય અને તેમના વૈશ્વિક પ્રભાવને સરળતાથી રજૂ કરવામાં આવ્યા છે.આ પુસ્તક સાત પ્રકરણો દ્વારા પ્રમુખ સ્વામીજી નાનિઃસ્વાર્થ યોગદાનને ઉજાગર કરે છે, જે કરુણા, સેવા અને શ્રદ્ધા જેવાં મૂલ્યોની પ્રેરણા આપે છે. વિશ્વશાંતિ અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને પ્રોત્સાહન આપતું આપુસ્તક પ્રમુખ સ્વામીજીના આધ્યાત્મિક જીવનને એક પ્રેરક આદર્શ તરીકે રજૂ કરે છે.

આ વિમોચન સમારોહમાં પ્રાસંગિક ઉદ્‌બોધન અને સ્વાગત પ્રવચન બાદ 'પ્રમુખસ્વામી મહારાજઃ મારી દૃષ્ટિએ, મારો અનુભવ' કાર્યક્રમ અંતર્ગત લેખક સ્વામી ભદ્રેશદાસજીએ તથા અન્ય મહાનુભાવોએ તેમના પ્રમુખસ્વામી મહારાજના સાથેના સંસ્મરણો રજૂ કર્યા હતા.

ગુજરાતના સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન પદ્મ ગૌતમભાઈ પટેલ, ગુજરાતના વિખ્યાત કવિ, સાહિત્યકાર, વિવેચક માધવ રામાનુજ, પાંચજન્ય સામયિકના પૂર્વ તંત્રી અને પૂર્વ સાંસદ તરુણ વિજય, કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્હીના કુલપતિ નિવાસ વરખેડી, સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હરેકૃષ્ણ સતપથી, લાલબહાદુર શાસ્ત્રી યુનિવર્સિટીના કુલપતિ મુરલી મનોહર પાઠક, તિરૂપતિ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ જી. એસ. આર. કૃષ્ણમૂર્તિ,સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સુકાંત સેનાપતિ, આઈ. આઈ. ટી ખડગપુરના પૂર્વ નિર્દેશક વિરેન્દ્રકુમાર તિવારીજેવા વિદ્વાનોએ આ પુસ્તકને એક અભૂતપૂર્વપુસ્તક તરીકે વધાવી લેતા વ્યક્તવ્યો આપ્યા હતા અને પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના વૈશ્વિક કાર્યોની અને તેમના પ્રમુખ સ્વામી મહારાજ વિષે સંસ્મરણોના હૃદયસ્પર્શી વ્યકતવ્યો આપ્યા હતા, સાથે સાથે આ વિશિષ્ટ પુસ્તકના લેખન બદલ લેખક એવા મહોમહોપાધ્યાય ભદ્રેશ દાસ સ્વામીને ખૂબ આભાર માન્યો હતો.

ત્યારબાદ સાહિત્ય અકાદમીના ડો. કે. નિવાસ રાવ દ્વારા આપુસ્તકના પ્રકાશન વિશે માહિતી આપવામાં આવી હતી અને પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યની ઝાંખી કરાવતો વિડિયો પ્રદર્શિત થયો હતો.આ પ્રસંગે સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પુસ્તકનું વિમોચન કર્યું હતું. તેમણે આ અવસરે પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું કે દુનિયાભરના અસંખ્ય લોકો પ્રમુખસ્વામી મહારાજની નિઃસ્વાર્થ સેવા અને યોગદાનથી લાભાન્વિતથયા છે.






---

પૂ. આ.ભ.મદ જયશેખરસૂરીશ્વરજી મ.સા. નાં સાનિધ્યમાં

# આજે શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ખાતે ભૂમિ પૂજન-શીલા સ્થાપન

ગુરુવારે જય ગિરનારધામ સદભાવના વૃદ્ધાશ્રમ સંકુલ જામનગર રોડ રામપર નેમનાથ ભગવાનના જિનાલયમાં મંદિરના ભૂમિપૂજન-શીલા સ્થાપન



પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.

રાજકોટ મિરર, તા.૨૪

પ. પૂ. આ.ભ. મદ વિજય જયશેખરસૂરી મહારાજ સાહેબની નિશ્રામાં આજે તા. ૨૫ના રોજ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય એટલાન્ટિસ હિલ્સ, રૈયાધાર, ૮૦ ફૂટ રોડનાં સવારે ૪:૪૫ વાગ્યે ભૂમિ પૂજન અને શીલા સ્થાપનનો કાર્યક્રમ રાખેલ છે.

જેમાં મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, પદ્માવતી માતા અને લક્ષ્મી માતા છે. ત્યારબાદ પ્રભાવના રાખવામાં આવેલ છે. ભૂમિપૂજન અને મુખ્યશીલાના લાભાર્થી તેમજ પ્રભાવનાનો લાભ લેનાર લાભાર્થી નરેન્દ્રભાઈ કાંતિલાલ મહેતા (ભાણવડવાળા) હઃ ચિરાગભાઈ મહેતા છે. તેમજ જય ગિરનાર ધામ સદભાવના વૃદ્ધાશ્રમ સંકુલ જામનગર રોડ રામપર રાજકોટના પુનિત આંગણે નેમનાથ ભગવાનના જિનાલય અંબિકા માતાજી અને ચૌમુખ શિખરબદ્ધ મંદિરના ભૂમિપૂજન શીલા સ્થાપનનો કાર્યક્રમ ફાગણવદ ૧૩ અને ગુરુવારના તારીખ ૨૭/૩/૨૫ સવારે ૪:૪૫ કલાકે, નુતન નેમનાથ ભગવાનના જિનાલય, કુળદેવી અંબિકાદેવીના શિખરબદ્ધ મંદિરના શીલા સ્થાપન તેમજ ગુરુદેવ જયાનંદસૂરીશ્વરજી મ. સા., કુબેર દેવ, લક્ષ્મી માતાજી અને અધિષ્ઠાયીકા અંબિકા માતાજીના ચૌમુખ શિખરબદ્ધ મંદિરના ભૂમિપૂજન, શીલા સ્થાપનનો કાર્યક્રમ રખાયો છે.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટના મહેશભાઈ મણીયાર ૯૪૨૭૭૨૦૩૩૧, વિપુલભાઈ દોશી મો. ૯૨૨૮૭૬૫૬૮૮, નિતેશભાઈ શાહ ૯૪૨૬૨૨૦૨૧૬ વિગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

---

# ગુરુપ્રસાદ ચોકમાં દુકાનમાંથી રોકડ ચોરનાર દશરથ ઉર્ફે દસ્તો ઝડપાયો

રાજકોટ મિરર તા.૨૪

શહેરના ગુરુપ્રસાદ ચોકમાં ફરસાણાની દુકાનમાંથી રોકડ રૂ.૫૦૦૦ની ચોરી કરનાર રીક્ષા ચાલકને ઝડપી માલવીયાનગર પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ગત તા.૨૩/૦૩/૨૦૨૪ ના સાંજના છ વાગ્યા આસપાસ ગુરૂપ્રસાદ ચોક સિતારામ ડેરી સામે આવેલ બાલાજી ભવાની ફરસાણ નામથી દુકાન ખાતે એક ઓટો રીક્ષા ચાલક ગ્રાહક તરીકે આવ્યો હતો તે દરમ્યાન વેપારી વિશાલભાઈ પોતાના દુકાનનો માલ સામાન ગોઠવતા હતા. તે દરમ્યાન રીક્ષા ચાલકે વેપારીની નજર ચુકવી દુકાનના થડામાં રાખેલ રોકડા રૂ ૫૦૦૦- ની ચલણી નોટોની ચોરી કરી પોતાની ઓટો રીક્ષા લઇ જઇ નાસી ગયો હતો. જે અંગે માલવીયાનગર પો. સ્ટેશનમા ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે સોશિયલ મીડીયાના અલગ અલગ પ્લેટ કોર્મ ઉપર ચોરી થયા અંગેનો વિડીયો વાયરલ થયો હોવાથી તે બાબતે રાજકોટ શહેર પોલીસ કમીશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૨ જગદીશ બાંગરવા, મદદનીશ પોલીસ કમીશ્નર બી.જે.ચૌધરી (દક્ષિણ વિભાગ)એ ચોરી કરનાર ઓટો રીક્ષાના ચાલકને તત્કાલીક શોધી પકડી પાડી ગુન્હો ડીટેકટ કરવા આદેશો આપ્યા હતા.

જે બાબતે પી.આઈ જે. આર. દેસાઇના માર્ગદર્શન હેઠળ માલવીયાનગર પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કવોડની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. બનાવવાળી જગ્યાના અને આસપાસના સી.સી. ટી.વી. કેમેરા, આઇ.વે પ્રોજેકટ અંર્તગત લગાવવામાં આવેલા સી.સી.ટી.વી કેમેરા ચેક કરવામા આવ્યા હતા. તેમજ બાતમીદારોને ચોરી થયા અંગેનો વિડીયો બતાવી કોઇ પણ માહિતી મળે તો તાત્કાલીક જાણ કરવા સમજ કરેલ હોય આ શખ્શને શોધી કાઢવા આજે તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ સર્વેલન્સ સ્કવોડના




મવડી ફાયર બ્રિગેડ પાસેથી ઝડપી પાડતી માલવીયાનગર પોલીસ

સર્વેલન્સ સ્કવોડનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે હેડ કોન્સ અજયભાઇ વીકમા અને ભાવેશભાઈ ગઢવીને સયુંકત રીતે બાતમી મળી હતી કે, ગુરુપ્રસાદ ચોકમા આવેલ ભવાની ફરસાણની દુકાનના ગલ્લામાંથી રોકડ રૂપીયાની ચોરી કરનાર શખ્શ પોતાની કાળા કલરની હુડ વાળી ઓટો રીક્ષા નંબર ઋઉં-૦૩-અઠ-૭૨૬૪ તે મવડી ફાયર બ્રીગેડના ખુણા પાસે બજરંગ રેસ્ટોરેન્ટની સામે રોડ પર ઉભો છે.

આવી બાતમીના આધારે બજરંગ રેસ્ટોરેન્ટની સામે જાહેર રોડ પર રૈયાધાર દ્વારકાધીશ પાનની દુકાન પાસે રૈયાધાર સલ્મ કવાર્ટરમા રાજકોટ, મુળ વતન થાનગઢ રામાપીરના મંદીરની બાજુમાં જી.સુરેન્દ્રનગરમાં રહેતા દશરથ ઉર્ફ દસ્તો ગભુભાઈ જોગરાણાને પકડી કાયદેસરની કાર્યવાહી કરી અનડીટેકટ ચોરીનો ગુન્સે ડીટેકટ કરી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી. આ ઉપરાંત દશરથ ઉર્ફ દસ્તોના આગાઉ પણ ગુન્હા રાજકોટ શહેરના જુદા જુદા પોલીસમાં ૧૨ ગુન્હાઓ નોંધાયેલા છે.

આ કામગીરીમાં પી.આઈ. જે.આર.દેસાઇ, પી.એસ.આઈ. ડી.એસ.ગજેરા, એ.એસ.આઇ. હીરેનભાઇ પરમાર, હેડ.કોન્સ. અજયભાઈ વિક્રમા, દિનેશભાઇ બગડા, જયદેવસિંહ પરમાર, કોન્સ. ભાવેશભાઇ ગઢવી, મયુરદાન બાટી, મનીષભાઇ સોઢીયા, જયદિપસિંહ ભટ્ટી, અમરદિપસિંહ જાડેજાનાઓ દ્વારા કરવામાં આવી હતી.

---

# મહિલા પાસે પઠાણી ઉઘરાણી કરનાર મહિલા સહિત ત્રણ સામે ગુન્હો

## મુદ્દલ કરતા વધુ ચૂકવી દીધા હોવા છતાં વધુ પૈસાની ઉઘરાણી કરી ધમકાવતા હોવાની ફરિયાદ

રાજકોટ મિરર તા.૨૪

જિલ્લાના ધોરાજી તાલુકામાં રહેતી મહિલાને વ્યાજખોર મુદ્દલ કરતા વ્યાજ વધારે આપવા છતાં અવારનવાર ઉઘરાણી કરી ધમકીઓ આપતા એક મહિલા સહિત ત્રણ શખ્સો સામે ધોરાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વ્યાજખોર વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના આંબેડકર નગરમાં રહેતા મિતલબેન મહેન્દ્રભાઈ વિંઝુડાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ૨૦૨૩માં પૈસાની જરૂરિયાત પડતા ધોરાજી બહારપુરા ખીજડા શેરીમાં રહેતા નિલેશભાઈ હરજીભાઈ ભાસ્કર પાસેથી રૂ.૫૦૦૦૦ના ૩૦ ટકાના વ્યાજે લીધા હતા અને તેમને સિક્યુરિટી પેટે કોરો ચેક આપેલો હતો અને ત્યારબાદ તેણી એ લોન લઈ દાગીના વેચી થોડા થોડા અંતરે રૂપિયા ૨,૫૦,૦૦૦ વ્યાજ સહિત રોકડેથી ચૂકવ્યા હતા તેમ છતાં પણ આ નિલેશભાઈ તેની પાસેથી ૩૦ ટકા જેટલો વ્યાજની માંગણી કરી હજુ વધારાના ૪ લાખની માંગણી કરે છે અને કહ્યું હતું કે જો તું મને એક મહિના સુધીમાં મારા પૈસા વ્યાજ સહિત પરત નહીં કરે તો મારી પાસે તારા કોરા ચેક પડેલા છે તેમાં ઊંચી રકમ નાખીને ચેક બાઉન્સ કરાવી તારી સામે ખોટી ફરિયાદ કરી જેલમાં ફીટ કરાવી દઈશ આવી ધમકી આપી હતી...

આ ઉપરાંત ૨૦૨૩માં પૈસાની જરૂરિયાત માટે તેણી એ તેમના ઘર પાસે રહેતા વિજયભાઇ કિશનભાઇ ચૌધરી અને તેમના પત્ની યોગીતાબેન વિજયભાઈ ચૌધરી પાસેથી કટકે કટકે રૂપિયા ૧૦ લાખ વ્યાજે લીધા હતા અને સિક્યુરિટી પેટે બેંક ઓફ બરોડાના કોરા ચેક અને રાજકોટ નાગરિક સહકારી બેંક ધોરાજીના ચેક આપેલ હતો.

ત્યારબાદ તેમણે લોન લઇ અને દાગીના વેચી ને કટકે કટકે રૂપિયા ૩૫,૦૦,૦૦૦ વ્યાજ સહિત રોકડેથી ચૂકવી આપ્યા હતા તેમ છતાં પણ આ બંને દંપતિ તેની પાસેથી ૩૦ ટકા જેટલા ઊંચા વ્યાજે વધુ ૧૭ લાખની માંગણી કરતા હતા. છેલ્લા છ મહિનાથી બંને દંપતી ગાળો આપી ધમકી આપતા અને કહેતા હતા કે તારુ અપહરણ કરાવી લઈસ આ બાબતે મહિલા સહિત ત્રણ શખ્સો સામે ધોરાજી પોલીસમાં ગુનો નોંધાવતા પોલીસે વ્યાજખોર વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.